CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૩૯
તા.૨૪-૦૬-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૪ | વડોદરા | ૩૯.૪ |
| અમદાવાદ | ૪૧.૧ | સુરત | ૩૩.૮ |
| ગાંધીનગર | ૪૦.૮ | નલિયા | ૩૫.૦ |

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૧,૬૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ડાંગ, વલસાડ, નવસારી, સુરતમાં ભારે વરસાદ

## ગુજરાતમાં મોનસૂનની એન્ટ્રી : અનેક ભાગોમાં વરસાદ : ડાંગ અને વલસાડના મોટાભાગના તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ ઈંચથી પણ વધુ વરસાદ

અમદાવાદ

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે દક્ષિણ-પશ્ચિમ મોનસૂને બ્રેક બાદ આજે ગુજરાતમાં સત્તાવાર એન્ટ્રી કરી લીધી હતી. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થયો છે. જેથી લોકોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. વલસાડ, નવસાર, સુરત, ડાંગ, રાજકોટમાં ભારે વરસાદ થયો છે. રાજકોટમાં વીજળી પડવાથી બેના મોત પણ થયા છે. જ્યારે અંબાજીમાં પણ આજે સતત ત્રીજા દિવસે વરસાદ જારી રહ્યો હતો. ડાંગ અને વલસાડ જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં ભારે વરસાદ થયો છે. બંને જિલ્લાના મોટાભાગના તાલુકામાં ચાર ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લામાં વલસાડ શહેરમાં ૬૨ મીમીથી પણ વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે પારડી તાલુકામાં પાંચ ઈંચની આસપાસનો વરસાદ થયો છે. વાપીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.



આહવા સહિત ડાંગ જિલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં સાપુતારા, વધઈ, આહવાનો સમાવેશ થાય છે. નવસારી જિલ્લાના વણસંદામાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. જલાલપોરમાં પણ સારો વરસાદ થયો છે. ડાયમંડ સીટીમાં પણ મધ્યમથી ભારે વરસાદી ઝાપટા પડ્યા છે. કામરેજ, માંગરોળ, ઓલપાડમાં પણ વરસાદ નોંધાયો છે.

## અંબાજીમાં સતત બીજા દિવસે પણ હળવો વરસાદ : બફારો વધ્યો

અંબાજી

યાત્રાધામ અંબાજી પંથકમાં શુક્રવારે વાવાઝોડા સાથે બે કલાક પડેલા વરસાદે વિરામ લીધો હતો અને શનિવારે સવારથીજ ભારે બફારો જોવા મળતા ફરી એકવાર બપોર બાદ વાતાવરણમાં થયેલાં પલ્ટાને પગલે ધીમીધારે વરસાદની ફરીથી પધરામણી થઈ હતી જોકે વરસાદના પ્રારંભે ગરમીમા થોડી રાહત અનુભવાઈ હતી પણ વરસાદ થોભી જતા ફરી ગરમીનો બફારો લોકોને સહન કરવો પડ્યો હતો ત્યારે હવે એક સામટો વરસાદ વરસે તોજ



ગરમીથી છુટકારો મળી શકે તેમ છે.

## વિચાર વૈભવ...

ઘણીવાર આપણે ઘણા નિર્ણય ઉતાવળે, વિચાર કર્યા વિના, ઉશ્કેરાટમાં કે બદલો લેવાની આગમાં કરતા હોઈએ છીએ. આવા અવિચારીપણે લેવાયેલા નિર્ણયો ઘણીવાર પશ્ચાતાપનું કારણ પણ બની જાય છે. મન જ્યારે 'શાંત' થાય ત્યારે 'નિર્ણય' કરવો, જેથી પશ્ચાત્તાપ ન થાય.

એક અમેરિકન એન્ડ્રુ કાર્નેગી અબજોપતિ હતા. એકવાર એક રેડિયો વાર્તાલાપમાં ભૂલ કરી હતી. આ વાર્તાલાપ સાંભળી એક ઉગ્ર મહિલાએ કડક શબ્દોમાં ઠપકાનો કાગળ લખ્યો.

ભૂલના પ્રમાણમાં ઠપકો વધારે કડક હતો તેની કાર્નેગી ઉશ્કેરાઈ ગયા અને તરત જ તેમણે એનાથી વધારે ખરાબ ભાષામાં પ્રત્યુત્તર લખ્યો; પણ ગુસ્સામાં છેકછાક થઈ હતી તેથી તે પત્ર મુકી રાખ્યો અને સારા અક્ષરે લખી, પછી પોસ્ટ કરવા વિચાર્યું.

જ્યારે ફરીવાર લખવા બેઠા ત્યારે તેમને પોતાને જ ઉગ્રતા વધારે જણાઈ, તેથી 'નરમ' ભાષામાં લખવા પ્રયત્ન કર્યો, એમ ત્રણ ચાર વાર લખ્યા પછી ભૂલ સુધારી, ક્ષમા માગી અને રૂબરૂ મળવા આમંત્રણ આપીને જ પત્ર ફાઈનલી લખ્યો.

એ પત્રની એવી અસર થઈ કે કાર્નેગી અને એ ઉગ્ર પત્ર લખનાર મહિલા આજીવન લાગણી અને પ્રેમના સંબંધે બંધાઈ ગયાં.

- સુરેશ પ્રા.ભટ્ટ

## હવે સોલાર પેનલથી ખેડૂત સૌરઉર્જા ઉત્પાદન કરી શકશે

## ગુજરાત સરકારે ખેડૂતોના હિતમાં સૂર્ય શક્તિ કિસાન યોજના જાહેર કરી

ગાંધીનગર

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નયાબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે ખેડૂતોને સૌર ઊર્જાથી સિંચાઈ અને ખેતીવાડી તેમજ આર્થિક સમૃદ્ધિના નવા દ્વારા ખોલી આપતી મહત્વપૂર્ણ કિસાન હિતકારી યોજના સૂર્યશકિત કિસાન યોજના એસકેવાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ યોજના ની જાહેરાત કરતા કહ્યું છે કે, ગુજરાતના ખેડૂતો બાવડાના બળે અને પરિશ્રમની પરાકષ્ટા સર્જનિ ધરતીમાંથી સોનુ ઉગાડવાની ક્ષમતા ધરાવે છે. રાજ્ય સરકારે ખેડૂતોને પુરતી વીજળી, પાણી, ખાતર અને આધુનિક કૃષિ જ્ઞાન આપીને કૃષિ વિકાસ દર ડબલ ડીઝીટે પહોંચાડયો છે. હવે, સૂર્ય શકિતનો ખેતી વપરાશ માટે ઊર્જા ઉત્પાદનમાં વિનિયોગ કરીને આ ધરતી પુત્રોને વધુ સિંચાઈ અને વધારાની વીજળીના વેચાણ દ્વારા આર્થિક સમૃદ્ધિ તરફ લઈ જવા આ નવતર યોજના શરૂ કરી છે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ઊર્જા રાજયમંત્રીની સૌરભ પટેલ આજે પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી. ઊર્જા મંત્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીની કિસાન હિતલક્ષી સંવેદનાની પરિપાટ-ીએ રાજ્ય સરકારે જાહેર કરેલી એસકેવાય -સ્કાય યોજના વર્ષ ૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પમાં આ યોજના પૂરક બનવાની છે. ઊર્જા મંત્રીએ જણાવ્યું કે ગુજરાતમાં સૌરશકિત-સૂર્યશકિતનું મહત્તમ ઉત્પાદન વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતના તેમના મુખ્યમંત્રી પદ દરમ્યાન થયું છે. આ સૌર ઊર્જાથી હવે રાજયના ધરતીપુત્ર ખેતી વિષયક વીજ ઉત્પાદન પોતાના જ ખેતરમાં જાતે જ કરીને તેનો ઉપયોગ સિંચાઈ માટે કરી શકે તેવો કિસાન હિતકારી આશય આ સ્કાય યોજનાનો છે તેમ ઊર્જા મંત્રીએ ઉમેર્યું હતું.

## વડોદરામાં સહાધ્યાયીની હત્યા કરનાર વિદ્યાર્થી ઝડપાયો

અમદાવાદ

વડોદરા શહેરના બરાનપુરા વિસ્તારમાં શ્રી ભારતી વિદ્યાલયમાં ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની ચપ્પાના ૨૧થી વધુ ઘા મારી અત્યંત કમકમાટીભરી હત્યા કરવાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા પ્રકરણમાં પોલીસે શાળાના જ ધોરણ-૧૦ના આરોપી વિદ્યાર્થીની વલસાડથી ધરપકડ કરી લીધી હતી. આરોપી વિદ્યાર્થીની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, આ વિદ્યાર્થીને ત્રણ દિવસ પહેલાં હોમવર્ક નહી લાવવાના કારણસર શાળાના શિક્ષકે ગંભીર ઠપકો આપ્યો હતો અને માર્યો હતો. તેથી તેનો ગુસ્સો રાખી આરોપી વિદ્યાર્થીએ કાયમી ધોરણે શાળા બંધ કરાવવા ધો-૯ના વિદ્યાર્થીની હત્યાને અંજામ આપ્યો હતો. જો કે, પોલીસ વિદ્યાર્થીએ કરેલા આ ખુલાસા છતાં બીજી થિયરીઓ પણ તપાસી રહી છે. પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી હકીકત સામે આવી હતી કે, ધોરણ-૧૦ના હત્યારા વિદ્યાર્થીએ માત્ર ૯૦ સેકન્ડમાં જ ધોરણ-૯ના વિદ્યાર્થી દેવ ભગવાનદાસ તડવીની અત્યંત કમકમાટીભરી હત્યા કરી ફરાર થઇ ગયો હતો. હત્યારા વિદ્યાર્થીએ હત્યા બાદ તેનું સફેદ શર્ટ કાઢી બાજુના મંદિરની છતર પર ફેંકી દીધુ હતું. જો કે, પોલીસે ધોરણ-૯ના વિદ્યાર્થીની હત્યા કયા કારણથી અને શા માટે કરવામાં આવી તેનું સાચુ કારણ જાણવાની દિશામાં તપાસ વેગવંતી બનાવી છે.

## સદરપુરમાં મંજુરી વગર આવાસ બનાવવા મામલે મહેસુલ વિભાગે ખુલાસો માંગ્યો

**જવાબદાર મુખ્ય અધિકારીને કારણોદર્શક નોટિસ આપી અહેવાલ મોકલવા કલેક્ટરને ઉપ સચિવની તાકીદ**

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના શાશકોએ સત્તાનો દુરુપયોગ કરી ઓક્સીડેશન પોન્ડ માટે સદરપુરની સર્વે નં.૮૫માં ફાળવાયેલી જ્ગ્યામાં શરતભંગ કરી વિના મંજુરીએ બનાવેલ રાજીવ આવાસ યોજનાનો વિવાદ વકર્યો છે. એકબાજુ કલેક્ટરે શરત ભંગ બદલ જમીન ખાલસા કરી છે. તો બીજી બાજુ રાજ્યના મહેસુલ વિભાગે સમગ્ર પ્રકરણમાં પાલિકાના મુખ્ય અધિકારીને કારણદર્શક નોટિસ ફટકારી



ખુલાસો માંગી અહેવાલ મોકલવા કલેક્ટરને તાકીદ કરતા ચકચાર મચી જવા પામી છે. સદરપુરની સર્વે નં.૮૫ની જમીન પાલનપુર નગરપાલિકા ને ઓક્સીડેશન પોન્ડ માટે ફાળવાઈ હતી. જે પૈકી ૩૫૦૦૦ ફુટ જમીનમાં હેતુફેર કરાવ્યા વિના પાલિકા દ્વારા વગર મંજુરીએ રાજીવ આવાસ બનાવી દેતા શરત ભંગ થયો હતો. જે અંગે જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલેએ સદરહુ જમીન શ્રી સરકાર દાખલ કરવાનો હુકમ કરી રાજીવ આવાસ યોજના તળે બાંધકામ થયેલ ૩૫૦૦૦ ફુટ જમીન બજાર ભાવના ૫૦% એ ફાળવવાનો હુકમ કરતા પાલિકાના સત્તાધીશોના

અનુસંધાન પાના નં.૬

### આંગળી ઊંચી કરનારા પણ દંડાશે

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં જનરલ બોર્ડમાં સતત ચર્ચાથી દૂર ભાગતા શાશક પક્ષના તમામ ભાજપી નગરસેવકો ઠરાવો મંજુર મંજુર કરી ચાલતી પકડતા હતા. જોકે, આ રાજીવ આવાસ યોજનામાં પાલિકાના જવાબદાર અધિકારી ઓ, પદાધિકારીઓ સહિત આંગળી ઊંચી કરનારા ભાજપી નગરસેવકો સામે પણ શિક્ષાત્મક પગલાં રૂપી ખતરો તોળાઈ રહ્યો છે. ત્યારે ખુદ ભાજપી નગરસેવકો પણ ચિંતાતુર બન્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## રેલવે ટ્રેક પર ચાંપતી નજર રાખવા ટુંકમાં ડ્રોન ગોઠવાશે

નવી દિલ્હી

યાત્રીઓની સુરક્ષાને વધારવા અને ટ્રેનોમાં હુમલાને રોકવાની દિશામાં મોટી પહેલ કરવામાં આવનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ભારતીય રેલવે ટુંક સમયમાં જ રેલવે ટ્રેક ઉપર નજર રાખવા માટે ડ્રોનની મદદ લે તેવી શક્યતા છે. આ સંદર્ભમાં રાજકીય પરિવહનના સૌથી મોટા સાધન રેલવે દ્વારા એક દરખાસ્ત રજુ કરી દેવાઈ છે. આ દરખાસ્ત સુરક્ષા પાસાઓ ઉપર સુપરત પણ કરી દેવાઈ છે. ટેલિકોમ ઈન્ડસ્ટ્રી અને રેલવેની નવી પહેલ હેઠળ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (રૂરકી) દ્વારા આ વિશેષ પ્રકારના ડ્રોન વિકસિત કરવામાં આવ્યા છે જેના ટ્રેકની આસપાસ નજર રાખવા માટે પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. ઉત્તરાખંડની આસપાસના વિસ્તારોમાં પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. ભારતીય રેલવે આ પ્રકારના માનવરહિત ડ્રોનની મદદ રેલવે ટ્રેક ઉપર નજર રાખવા માટે કરવામાં આવી શકે છે. ટેકનોલોજી ડેલવપમેન્ટ રૂરકી દ્વારા નવી પહેલ કરવામાં આવી રહી છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના અધિકારી ઓનું કહેવું છે કે પ્રાથમિક તબક્કામાં કામગીરી ચાલી રહી છે.

## સાર સમાચાર...

### મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિક ઉપર સંપૂર્ણ પ્રતિબંધ

મુંબઈ

મહારાષ્ટ્રમાં આજથી પ્લાસ્ટીકના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. હવે કોઈપણ પ્રકારના પ્લાસ્ટીકના ઉપયોગ, સંગ્રહ અને ઉત્પાદન કરતી વેળા ઝડપાઈ જવાની સ્થિતિમાં જંગી દંડ લાગુ કરવામાં આવશે. વાણિજ્ય પાટનગર મુંબઈ સહિત રાજ્યભરમાં આને લઈને દરોડાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ પહેલા પ્લાસ્ટીકના પુરતા વિકલ્પ ન હોવાના પરિણામ સ્વરૂપે પેકેજિંગ સહિત કેટલીક પેદાશોમાં રાહત આપવા માટેની જોરદાર માંગ વેપારી ઓતરફથી કરવામાં આવી હતી. રાહત માટેની અવધિ પૂર્ણ થયા બાદ આ આશા તૂટી ગઈ

## ડીસા જીઆઇડીસીમાં ધોળા દિવસે વેપારી પર ફાયરિંગ

**આર્થિક લેવડ દેવડના મામલે ફાયરિંગ થયું હોવાનું અનુમાન**

ડીસા

બનાસકાંઠામાં ધોળા દિવસે ફાયરિંગની વધુ એક ઘટના બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. ડીસાના જીઆઈડીસી વિસ્તારમાં વાસણના વેપારી પર ફાયરિંગ કરી ત્રણ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા છે. ડીસાના જીઆઈડીસી વિસ્તારમાં વાસણની ફેક્ટરી ધરાવતા સુનિલ બોરદિયા ગતરોજ બપોરે પોતાની ફેક્ટરીમાંથી ઘર તરફ જવા નીકળ્યા હતા ત્યારે ફેક્ટરીની બહાર જ ત્રણ અજાણ્યા



શખ્સોએ એડ્રેસ પૂછવાના બહાને તેમની ગાડી ઉભી રખાવી હતી.જે વખતે આ વેપારીએ પોતાની ગાડીના કાચ ખોલતા જ એક શખ્સે વેપારી પર ફાયરિંગ કર્યા બાદ આ હુમલાખોર શખ્સો ફરાર થઈ ગયા હતા. આ બનાવની જાણ થતાં આજુબાજુના લોકો અને પોલીસે ઘટના સ્થળે દોડી જઈ ફાયરિંગમાં ઘવાયેલા વેપારીને સારવાર અર્થે ખસેડયા હતા. જમણા પગની જાંઘ પર ગોળી વાગતા

ભરત સુંદેશા



ઈજાગ્રસ્ત વેપારીને ડીસાની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે પાલનપુર ખસેડવાની ફરજ પડી છે.

આ બનાવની જાણ થતાં પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે. આ મામલે હાલમાં પોલીસ કાઈ પણ કહેવાનું ટાળી રહી છે પરંતુ આર્થિક લેવડ દેવડ મામલે આ ફાયરિંગ થયું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## વર્ષમાં એક લાખ દિવ્યાંગોને કૌશલ્યયુકત તાલીમ અપાશે

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અંધ-અપંગ અને માનસિક વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ માટે દિવ્યાંગનો અનોખો શબ્દ આપ્યા બાદ સ્કીલ્સ ઈન્ડિયાનું અનોખું અભિયાન છેડયું છે ત્યારે તેને સાર્થક કરતાં દિવ્યાંગો માટે ગુજરાતના સૌપ્રથમ રેડીકલ સ્કીલ્સ સેન્ટર(રાજપથ કલબ પાસે, અમદાવાદ)નું કેન્દ્રના દિવ્યાંગ સશકિતકરણ વિભાગના સચિવ શ્રીમતી શકુંતલા ગેમલીન દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય સચિવ શકુંતલા ગેમલીને જણાવ્યું હતું કે, દિવ્યાંગોને કૌશલ્યયુકત તાલીમ આપી તેઓને નોકરી-રોજગાર માટે સજ્જ અને સશકત કરવા કેન્દ્ર સરકાર કટિબધ્ધ છે.

## ગતકડું....

- દેવન વ્યાસ



**અત્યંત ભારે સ્કૂલ બેગ ઉપાડી મને સ્કુલે મુકી જાય અને પાછો લઈ આવે તેવો મજુર લાવી આપોને...!**




CMYK

સૂર્યોદય - ૫.૫૫ સૂર્યાસ્ત - ૭.૨૮

## તિથિદર્શન

જેઠ સુદ-૧૨ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :બારસ રવિવાર નક્ષત્ર:વિશાખા રાત્રે ૨૯.૦૨ પછી અનુરાધા યોગ :સિદ્ધ કરણ : બવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) રાત્રે ૧૦.૩૫ પછી વૃશ્ચિક (ન.ય.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**ઈક્ષોં અગ્રાત ક્રમશઃ**
**પર્વણિ પર્વણિ યથા રસ વિશા**
**તદ્વત સજ્જન મૈત્રી,**
**વિપરીતાનાં ચ વિપરીતાં**

સત્સંગથી સદ્‌ભાગ -સદવિચાર- સત્કર્મ થાય છે. એ આ શ્લોકનો સંદેશ છે : ‘જેનો જેવો સંગ તેને તેવો રંગ’, જેવી સોબત તેવી અસર, આપણા પર થાય જ છે. ‘શેરડીના સાંઠાને જેમ ટોચના ભાગથી ખાતાં-ખાતાં આપણે નીચેના ભાગ- મૂળિયા તરફ જેમ જેમ જઈએ તેમ તેમ શેરડીના સ્વાદની મીઠાશ અને રસનું પ્રમાણ વધતું જ જણાય, અનુભવાય છે.

એવી જ રીતે સત્સંગમાં, સાધુચરિત- સજ્જન કે સંત- મહાત્માના પરિચયમાં જેમ જેમ વધારે ઊંડા ઊતરવા જઈએ તેમ જીવનમાં પ્રેમ અને ભાઈચારો વિનય- વિવેક, ત્યાગ - સમર્પણ જેવા સદ્‌ગુણુનો વિકાસ થતો જ જાય છે. દુર્જન માણસ સાથેના સહવાસથી તેથી વિપરીત પરિણામ આવે છે, એટલે સ્વભાવ- નિયત- ટેવો બગડતી જાય છે. એવા દુર્જનો સાથેની મૈત્રીથી જીવનમાં વધારે દૂષણ આવે છે. ‘સત્સંગી’ ની આસપાસ તેમનાં તપ અને સાધનાનું એક પવિત્ર અને સાત્વિક આવરણ - આભા હોય છે, જેને પરિણામે તેના સાંનિધ્યમાં રહેનારને એ સાત્વિકતાનો લાભ મળે છે અને તેમનું મન- શરીર- આત્મા પર પણ સાત્વિક અસર થાય છે

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)માનસિક ચિંતા રહે. નાણાં ભીડ અનુભવાય.**
**મિથુન : (ક.છ.ઘ.)ભાઇ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજનો કરી શકશો.**
**કર્ક : (ડ.હ.)જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય**
**સિંહ : (મ.ટ.) સ્નેહ-મિલન, સંતાનોથી લાભ, મનમાં પ્રફુલિતતા રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.)ચિંતાનો યોગ્ય ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.**
**તુલા : (ર.ત.)ભાગીદારીથી લાભ થાય. પ્રિયપાત્રનો સહકાર મળે**
**વૃશ્ચિક : (ન.ય.)નાણાં ભીડ તીવ્ર બને. મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે.**
**ધન : (ભ.ફ.ધ.) કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.**
**મકર : (ખ.જ.)પુરૂષાર્થથી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ, પડોશીથી સંઘર્ષ ટાળવો હિતાવહ.**
**મીન : (દ.ચ.જ.થ.) વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

મહાન સંગીતકાર શ્રીવિષ્ણુ દિગંબર પલુસ્કરના શિષ્ય, ભારતના મહાન સંગીતકાર, યોગના અભ્યાસી, સંગ્રામના સંનિષ્ઠ સેવક, ઉત્તમ વકતા, સંગીતશાસ્ત્રના ઊંડા અભ્યાસી પંડિત ઓમકારનાથની જન્મજયંતી છે.

એમનો જન્મ તા. ૨૪-૬-૧૮૯૭ ના રોજ થયો હતો.

માતા-પિતાનો મધુર કંઠ એમને વારસામાં મળ્યો હતો. એમને સંગીતનો શોખ બાળપણથી જ જાગ્યો હતો. રાષ્ટ્રીય-આતંરરાષ્ટ્રીય પરિષદોમાં પંડિતજીએ એમના સુરીલા કંઠે ગીત-ભજન-ગઝલો ગાઈને લોકોને મંત્રમુગ્ધ કર્યા.

૧૯૨૭માં એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# દાંતીવાડા બી.એસ.એફ કેમ્પમાં યોગ પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો



પ્રતિનિધિ દાંતીવાડા

વિશ્વ યોગ દિવસ નિમિત્તે મહિલા પછાત વિકલાંગ યોગ સેવા સમિતિ ડીસા દ્વારા દાંતીવાડા બી.એસ.એફ. કેમ્પસમાં યોગ પ્રશિક્ષણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં યોગાચાર્ય નેચરોપેથી ડૉ.ગોવિંદભાઈ ડી. લીંબાચીયા દ્વારા ૫૦૦ જેટલા બીએસએફના જવાનો તેમજ બીએસએફના કમાન્ડો-ઓફિસરોને યોગ દ્વારા કેવી રીતે તંદુરસ્ત રહેવું અને શારિરીક-માનસિક સંતોલન જાળવવા વિષય પર યોગ-આસન-પ્રાણાયમ, ધ્યાન -મેડીટેશન કરાવવામાં આવેલ અને તંદુરસ્ત રહેવાનો સંદેશો આપ્યો હતો.

આ યોગ ટીપ કાર્યક્રમમાં ડૉ. દેવલ શાહ, ડૉ. પરેશ ઠક્કર, ડૉ. હરીયાણી, એડવોકેટ વિક્રમભાઈ વિજયભાઈ મહેતા તથા સંદેશ-ટીવીના રિપોર્ટર ધનેશ પરમાર પણ જોડાયા હતા

ત્યારબાદ એમપીવીવાય સંસ્થા દ્વારા કાયાપલટ-નેચરકયોર એન્ડ ફીઝીપોથેરાપી સેન્ટરમાં મહિલાઓને યોગ પ્રશિક્ષણ અપાયું હતું. આ કાર્યક્રમ નેચરોપેથ ડૉ. ગોવિંદભાઈ લીંબાચીયા દ્વારા હાથ ધરાયો હતો.

# ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

સ્વસ્થ અને સુખી જીવન મનુષ્ય જીવનની મુખ્ય આવશ્યકતા છે. સમાજમાં કોઈપણ સ્તરમાં રહેનાર વ્યક્તિ સ્વસ્થ સુખી જીવનની આવશ્યકતા અનુભવ કરે જ છે. સ્વાસ્થ્ય માત્ર શારીરિક જ નહિ માનસિક અને આત્મિક પણ હોય છે. જે લોકો માત્ર શરીરને સ્વસ્થ રાખીને સુખી જીવનનો લાભ લેવા ઈચ્છે છે તેઓ સુખી જીવનનો લાભ લેવા ઈચ્છે છે તેઓ સુખી થઈ શકતા નથી. ભારતીય જીવન પદ્ધતિ તો હંમેશા શારીરિક, માનસિક, આત્મિક સ્વાસ્થ્યનું મહત્વ દર્શાવતી રહે છે. આજના ચિકિત્સા વિજ્ઞાનીઓ પણ રોગોના કારણ શરીર સિવાય મનમાં શોધવા લાગ્યા છે.

સમગ્ર સ્વાસ્થ્ય માટે યોગ મુક્ત જીવન પદ્ધતિનો વિકાસ ઋષિઓએ કર્યો છે. યોગ યુક્ત જીવન પદ્ધતિમાં પોતાની ઈચ્છાઓ, કામનાઓ, વિચાર, શારીરિક ચેષ્ટાઓ, આહાર- વિહાર, વિશ્રામ અને શ્રમ આ બધું જ સામેલ છે. આજકાલ યોગાના નામે જે પ્રચલન ચાલ્યું છે તેમાં લોકો માત્ર શારીરિક વ્યાયામ સુધી જ યોગને સીમિત માની બેઠા છે. તેથી સમગ્ર જીવનને સ્વસ્થ અને સુખી બનાવવાનો પ્રયાસ એટલો સફળ થતો નથી જેટલો થવો જોઈએ

ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે ગત તા.૨૧ જૂન ૨૦૧૮ના રોજ સવારે ૬-૦૦ થી ૭-૦૦ દરમ્યાન આંતરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ધ્યાન- યોગ- પ્રાણાયામનું નિઃશુલ્ક આયોજન શક્તિપીઠના પરિસરમાં રાખવામાં આવ્યું હતું. જેમાં કાર્યકર પરિજન ભાઈ બહેનો ઉપરાંત સ્વાસ્થ્ય પ્રેમી જાગૃત જાહેર પ્રજાએ પણ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં તમામ પ્રકારના સ્વાસ્થ્યનું મહત્વ સમજાવીને ધ્યાન, હળવા આસનો, પ્રજ્ઞાયોગ, પ્રાણાયામ અને યોગનિંદ્રા જેવા અલગ અલગ વ્યાયામ કરવામાં આવ્યા હતાં. દરેક પ્રકારના આસનો, પ્રાણાયામ અને ધ્યાનનું મહત્વ દર્શાવીને લોકોને તે માટે પ્રેરિત કરવામાં આવ્યા હતાં. પોતાના દૈનિક જીવનમાં ધ્યાન- યોગ- પ્રાણાયામને સ્થાન આપવા કટીબદ્ધ થયા હતાં.

# એન.સી.સી. દ્વારા ડીસા કોલેજ ખાતે ચર્તુથ વિશ્વ યોગદિન ઉજવાયો

ડીસા

ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં તા.૨૧/૬/૨૦૧૮ ના રોજ વિશ્વ યોગદિનની ઉજવણી એન.સી.સી. દ્વારા કરવામાં આવી હતી.

ગુજરાત ૩૫ બટાલિયન એન.સી.સી.પાલનપુરનો ડીસા જૂથના વિશ્વયોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડીસા કોલેજ, એન.જે આદર્શ હાઈસ્કૂલ ડીસા, એલ.એચ.માળી હાઈસ્કુલ માલગઢ, ડી.જે.એન. મહેતા હાઈસ્કુલ જૂના ડીસા, સેન્ટ ઝેવિર્યસ હાઈસ્કુલ ડીસા એસ.એમ.જી. રાજગોર હા. રાણપુર, ભગવતી વિદ્યાલય રસાણા, જાગૃતિ વિદ્યાલય ડાવસના એન.સી.સી.ના કુલ ૧૭૫ કેડેટસ ઉપરાંત કોલેજ સ્ટાફગણ, વિદ્યાર્થીઓ જોડાયા હતા. ચતુર્થ યોગદિન નિમિત્તે આચાર્ય ડૉ.અમૃતભાઈ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે ૩૫ ગુજરાત બટાલિયન પાલનપુરના સુબેદાર ફંડ તેમજ તેમનો એન.સી.સી. સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ઉપરોક્ત શાળાના એન.સી.સી. ઓફિસરોએ હાજરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડીસા કોલેજના એન.સી.સી. ઓફિસર પ્રો.લેફ. મહેશભાઈ આર.ગવળી દ્વારા અને કાર્યક્રમનું સંચાલન રમતગમત વિભાગના વડા પ્રો.ડૉ.આર.ડી ચૌધરી દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. તથા એન.એસ.એસ. વિભાગના વડા પ્રા.આશાબેન ચૌધરી દ્વારા બેટી બચાવો, બેટી પઢાવોના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

# મીઠો બપોરો બંધ કરી શાળાના બાળકોને તિથિભોજન આપ્યું

પાલનપુર

શ્રી ધાન્ધાર પંચાલ સેવા સમાજ, પાલનપુરના પ્રમુખ અને રાજમણિ, વિદ્યાલય, સણાલીના પૂર્વ આચાર્ય વીરચંદભાઈ પંચાલના ધર્મપત્નીનું ૨૯ મી જૂનના રોજ અવસાન થતા તેમની બંને આંખોનું નેત્રદાન કર્યું. જે તેમના સમાજમાં આ પહેલો પ્રસંગ હતો. ઘણા સમાજોએ મૃત્યુ પછીના ભોજન બંધ કરેલ છે. પંચાલ સમાજમાં હજુ સુધી મીઠા બપોરા- બારમાં ચાલે છે. શિક્ષણપ્રેમી વ્યક્તિોએ બેસણાની શરૂઆત કરેલ છે. વીરચંદભાઈએ પણ તેમની સદ્‌ગત પત્નીની પાછળ ફક્ત બેસણું જ રાખ્યુ હતું. તેમણે આદિવાસી વિસ્તાર સણાલીમાં ચાર દાયકા જેટલો સમય ગુજાર્યો હતો. એટલે ત્યાંની સર્વોદય આશ્રમ, હસ્તકની સણાલી-દલપુર, શાળાના ૧૩૦૦ થી વધુ બાળકોને મિષ્ટ ભોજન આપ્યું. તો મોટા પ્રાથમિક શાળામાં લગભગ ૬૫૦ થી વધુ બાળકોને મિષ્ટ ભોજન આપ્યું. સમય પરિવર્તન સાથે આપણા જુના રિવાજોને પણ ભાગવા જરૂરી છે. સામાજિક ક્રાન્તિ માટે શિક્ષિત યુવાનોએ આગળ આવવા તેમણે અપીલ કરેલ છે.

## ચક્ષુદાન એ મહાદાન



**શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જયોતિ ચક્ષુબેંક ડીસાના સંયુકત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.**

(૧)ભોગીલાલ ચીમનલાલ મોદી (મો. ૯૪૨૭૩૮૦૯૨૫)
(૨) કૈલાસબેન ભુપેન્દ્રભાઈ શાહ (મો. ૯૪૨૭૫૬૫૩૦૭)
(૩)શારદાબેન શંકરલાલ પરમાર (મો. ૯૩૭૪૮૪૨૯૩૫)

નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ
સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫,
૯૮૨૪૦ ૯૩૭૭૬, ૯૪૨૬૩ ૩૬૧૭૮

# થરાદની માળીફાર્મ શાળામાં યોગદિવસની ઉજવણી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદની માળીફાર્મ અનુપમ પે કે શાળામાં આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શાળાના શિક્ષક બિપીનભાઈ દ્વારા બાળકોને યોગ નિદર્શન કરાવાયું હતું.શાળાના સ્ટાફ અને ૨૨૦ બાળકોએ યોગ કરી તેના મહત્વને જાણ્યું હતું.

# ભીલડી ગોગામઢ પ્રા.શાળામાં વિશ્વયોગ દિનની ઉજવણી


કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

વિશ્વના ૧૭૨ દેશો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રસ્તાવને સ્વીકારી ૨૧ મી જુનને વિશ્વયોગદિન તરીકે ઉજવે છે.

નવી ભીલડી ગોગામઢ પ્રાથમિક શાળામાં પણ યોગદિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાથમિક શાળાના આચાર્ય રેવાભાઈ પરમાર દ્વારા આવનાર મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું હતું અને સુંદર સંચાલન કરી શાળાના બાળકો અને મહેમાનોને યોગ કરાવ્યા હતા. આ પ્રસંગે બનાસ બેંકના ડીરેક્ટર બાબુભાઈ પાનકુટા ગુજરાત વીજકંપનીના ડે. એન્જીનીયર ડી.આર ડાભી તમામ સ્ટાફ તેમજ કીસાન મોરચાના મહામંત્રી સુરેશ, સિલ્વા, નરેશવન ગૌસ્વામી, રમેશભાઈ (ધનાસરા) સુરેશભાઈ જોષી, વિનોદભાઈ જોષી, દશરથભાઈ નાઈ તેમજ શાળા પરિવારના શિક્ષક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો અને યોગ દિવસની ઉજવણી કરી હતી.

# ધાનેરાની લાધાપુરા શાળામાં લાયન્સ કલબના પ્રમુખ દ્વારા તીથી ભોજન અપાયું


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં ગતરોજ લાયન્સ કલબ ઓફ ધાનેરાના પ્રમુખ રમેશભાઈ ઠક્કર દ્વારા તિથિ ભોજન આપવા મા આવ્યું હતું.

સેવાકીય કાર્યો કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા લાયન્સ કલબ ઓફ ધાનેરાના પ્રમુખ રમેશભાઈ ઠક્કરના સહયોગથી આજે ધાનેરાની લાધાપુરા પ્રાથમિક શાળા ના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું જેમાં લાયન્સ કલબ ઓફ ધાનેરાના પ્રમુખ રમેશભાઈ, વ્હાલચંદભાઈ શાહ, પોપટલાલ ખત્રી સહિત સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહી બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.

# વડોદરા બ્રાન્ચ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ની સંસ્થા ડબલ્યુઆઈઆરસી દ્વારા બે દિવસીય સેમિનાર યોજાયો



મનીષ જોષી

વડોદરા

વડોદરા બ્રાન્ચ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ની સંસ્થા ડબલ્યુ આઈ આરસી દ્વારા બે દિવસીય સેમિનાર યોજાયો હતો. જેમાં આણંદ, નડિયાદ, ભરૂચ, અંકલેશ્વર અને મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોએ ભાગ લઈ ઈન્કમ ટેક્સ, જીએસટી, ઓડિટ એન્ડ એકાઉન્ટસ્, કંપની લોઝ સહિતના નિયમો પર તજજ્ઞો પાસેથી માર્ગદર્શન મેળવ્યુ હોવાની જાણકારી સીએ ધીરેન પરીખે આપી હતી.



મનીષ જોષી

વડોદરા

સિમલાની એઆઈએએ ડ્રામા કોમ્પિટીશનમાં સમગ્ર ભારતમાંથી ૨૭ એન્ટ્રીઓ આવી હતી. તેમાંથી રાજસ્થાનના અબોહર અક્ષના નાટક " જીંદગી "ને પ્રથમ ,સુરતના નાટક "આઈ વોન્ટ ટુ ટ્વીટ "ને દ્વિતિય ,ઉત્તર પ્રદેશના શાહજહાંપુરના નાટક "મહેમુદ "ને તૃતિય અને વડોદરાના જહાનવી કલા વૃંદના કલાપી ધોળકીયા લિખીત - દિગ્દર્શિત , બેટિયાં ખુશીયા લાતી હૈ ની થીમ આધારીત હિન્દી નાટક "ખુશીયોં કી સૌગાત"ને કોન્સોલેશન પ્રાઈઝ એનાયત થયું હતુ. આ નાટકમાં નૈસર્ગી ધોળકિયા, અલ્પા શાહ, ભાવિક ગોસાંઈ, જય જોષી, દિવ્યેશ ત્રિવેદી, ધર્મેન્દ્ર રાઠવા, જય માલવિયા, અદિત પટેલ, નિત્ય વકીલ, જીમેન કુંભાણી અને ચિરાગ શાહે અભિનયના ઓજસ પાથર્યા હતા તે પૈકી નૈસર્ગી ધોળકિયાને તેના પરફોમન્સ માટે એપ્રેસિએશન પ્રાઈઝ ઍનાયત થયું હતુ. આવી કોમ્પિટીશનમાં વધુ નાટકોની એન્ટ્રી આવે તે જરૂરી છે.

# ક્રિસ્ટલ ડીસોઝા અને સુરભી ચંદનાની ૧૧મા કેસ કાલા ગોલ્ડ એવોર્ડ્સ ખાતે ‘આલીયા ભટ્ટ’ સાથે



૧૧મી કેશ કિંગ ગોલ્ડ એવોર્ડ્સ એ સિતારાઓથી ભરેલી સાંજ હતી જેમાં ટેલીવિઝન ક્ષેત્રના સર્વશ્રેષ્ઠ લોકો વિતેલા વર્ષના સિદ્ધી મેળવનારાઓને ઉત્સાહિત કરવા ભેગા થયા હતાં. નાના પડદાના પ્રખ્યાત ચહેરાઓ ઈશા સીંઘ, શોએબ ઈબ્રાહિમ, અદનાન ખાન, શ્રીતી ઝા, વીવીયન ડિસેના, દ્રષ્ટી ધામી, અર્જુન બીજલાની, મૌની રોય, દીપીકા કક્કર, કરનવીર બોહરા, કરન ઠક્કર, ક્રિસ્ટલ ડિસોઝા, મોહસીન ખાન, શીવાગી જોસી ને બીજા ઘણાએ રેડ કાર્પેટને તેમની શ્રેષ્ઠ સુંદરતામાં સ્ટાઈલ રીતે હાજર રહીને પ્રતિભાવીત કરી હતી.

આ વર્ષે, એવોર્ડ સેરેમનીમાં મનોરંજનની ઓછુ કંઈજ ન હતું જેમાં પ્રતિભા અને ભવ્યતાનો સમન્વય જોવા મળ્યો હતો. બધા જ ખુશામત, વખાણ અને જબરજસ્ત પર્ફોમન્સ વચ્ચે, સેરેમની ના યજમાનસ નકુલ મેહતા અને અલી અઝગર, દ્વારા મનોરંજનને ઉંચાઈ એ લઈ ગયા હતા અને તેમને નજાકત ભરી હરકતો અને ટોણાથી બધાને હસાવ્યા હતાં. આ શો દરમ્યાન, તેમને ક્રિસ્ટલ ડિસોઝા અને સુરભી ચંદનનાને સ્ટેજ પર એક રેપીડ-ફાયર રાઉન્ડ માટે બોલાવ્યા હતાં.ક્રિસ્ટલ અને સુરભી બંન્નેએ પડકારને ખુબ જ ધીરજ અને વિશ્વાસ સાથે સ્વિકાર્યો હતો પરંતુ તેમને જેમ વિચાર્યું હતું તે રીતે થયો ન હતો. તે ઉદ્યોગમાં તેમના પ્રિય અને ઓછામાં ઓછા પ્રિય લોકો પર ઝડપી-ચાલાક અથવા મૂંઝવતી અથવા સ્વયંચાલિત રીતે જવાબ આપવાનો ન હતો. તેની જગ્યા એ, તે જીકે....ગરરર.....જનરલ નોલેજ પર હતો ને બંન્ને ક્રિસ્ટલ અને સુરભીનો માંડ એક જવાબ સાચો પડ્યો હતો. જ્યારે નકુલ અને અલી એ તેમને પુછ્યું, ભારતના રાષ્ટ્રપતિ કોણ છે, સ્ત્રીઓ પાસે કોઈ જવાબ ન હતો અને શબ્દો ખુટતા હતા. આ બોલવામાં ને બોલવામાં એમના મોઢા માંથી આલીયા ભટ્ટ નિકળ્યું હતું. બીજો પ્રશ્ન હતો, ભારતમાં કેટલા રાજ્યો છે અને ક્રિસ્ટલના વિનમ્ર જવાબે બધાને આશ્ચર્યચક્તિ કરી દીધા હતાં.ભાભીજી શુભાંગી આતરે અને મહેશ ઠાકુર દર્શકોને તેમની આતો સહી પર મજાક મસ્તી દ્વારા ખુશ કર્યા હતાં. યાદો, જોક્સ, ડાન્સ અને શુદ્ધ મનોરંજન દ્વારા ૧૧મું કેશ કલા ગોલ્ડ એવોર્ડ્સ દર્શકોને બધુ જ દર્શાવશે...જબરજસ્ત રીતે

આવી ઘણી ક્ષણોને માણો ૧૧મી કેશ કલા ગોલ્ડ એવોર્ડ્સ રવિવારે, ૨૪મી જુને રાત્રે ૭ વાગે માત્ર ઝી ટીવી પર!

# અહમદ ખાન હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં નેહા કક્કર અને હિમાંશ કોહલી સાથે




રાષ્ટ્રની ગાયકી સેન્સેશન નેહા ઠક્કર હવે બોલીવૂડની છોટા પેકેડ બડા ધમાકા તરીકે ઓળખાય છે તેની સાથે અત્યંત દેખાવડો હિમાંશ કોહલી શ્ફના હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરના દોસ્તી સ્પેશિયલ એપિસોડમાં મહેમાન તરીકે પધાર્યા હતાં. નેહાનો સૂરીલો અવાજ અને બેજોડ ઊર્જા સાથે હિમાંશનું ચાર્મિંગ સ્માઈલ અને ક્યુટ લૂક્સે દર્શકોને મોહિત કર્યા હતા અને પરફોર્મન્સમાં પાવર અને જોશનું વધારાનું તત્ત્વ ઉમેર્યું હતું.ફિલ્મ સેટ પરથી શરૂ થયેલા ૫ વર્ષની દીર્ઘ મૈત્રી વિશે બોલતાં આ બંનેએ ઘણા લોકો દ્વારા વારંવાર પૂછવામાં આવે છે તે ગોપનીય વાત પણ જાહેર કરી હતી. અહમદ ખાને સ્ત્રી માટે હિમાંશની રુચિ વિશે પૂછતાં તેણે પ્રેમિકા તરીકે જેના વિશે અફવા ફેલાવવામાં આવી રહી છે તે નેહા ઠક્કરને પોતે ખરેખર ચાહે છે. મુઝે નેહર ઠક્કર હી પસંદ હૈ, એમ હિમાંશે કરતાં દર્શકો અને સ્પર્ધકોએ પણ તાળીઓના ગડગડાટ સાથે તેને વધાવી લીધો હતો. અહમદ સાથે અન્ય જજોએ પણ આ લવર બોયની ફિરકી લીધી ત્યારે નેહાએ પોતાની અજોડ, મનોરંજક અને સંગીતની રીતે પ્રતિસા આપવાનું નક્કી કર્યું. હું આ સામે કેવી પ્રતિક્રિયા આપવી જોઈએ તે જાણતી નથી. હું સામાન્ય રીતે આવું થાય ત્યારે મલકાઈ ઊઠંપ છું. મૈ મેરે જઝબાત એક ગાને કે થ્રુપ બતાના ચાહૂંગી. આ પછી બંને દ્વારા રોમેન્ટિક અને સ્વપ્નિલ પરફોર્મન્સે દર્શકો માટે લહાણી કરાવી દીધી હતી. દેખીતી રીતે જ એકબીજા પ્રત્યે લાગણીઓ વ્યક્ત કરવા માટે આનાથી વિશેષ કોઈ બીજી રીત નહીં હોઈ શકે.. જોતા રહો નેહા કક્કર અને હિમાંશ કોહલી વચ્ચે રોમેન્ટિક દશ્યો, હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં, દર શનિવાર અને રવિવાર, રાત્રે ૯, ફક્ત &TV પર .

# રંગમંચ નાટ્ય ગ્રુપ દ્વારા ‘ક્રિષ્ના - ધ લવર એન્ડ વૉરિયર’ નાટ્ય રજૂ કરવામાં આવશે



અમદાવાદ

રંગમંચ નાટ્ય ગ્રુપ, અમદાવાદ દ્વારા આગામી ૦૮મી જુલાઈ, રવિવારના રોજ, એચકે કોલેજ ઓડિટોરિયમ ખાતે રાત્રે ૮-૩૦ કલાકે શ્રી કૃષ્ણના જન્મથી લઈને સંપૂર્ણ જીવનની સફરને “ક્રિષ્ના - ધ લવર એન્ડ વોરિયર” નાટ્ય દ્વારા રજૂ કરવામાં આવશે. જાણીતા લેખક શ્રી અશોકકમાર બંથિયા દ્વારા આ નાટક લખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે શ્રી અશોક બંથિયાએ બોલિવુડમાં અનેક નાટક અને ફિલ્મોમાં પોતાની લેખનકળા દ્વારા ખૂબ મોટું યોગદાન આપ્યું છે. ઉપરાંત તેઓ હિન્દી ફિલ્મના સેન્સર બોર્ડના સદસ્ય પણ છે. એટલું જ નહિ તેઓ રાજસ્થાન ફિલ્મના પ્રેસિડેન્ટ તથા નેશનલ ઈન્સિટ્યૂટ ઓફ ડ્રામા(દ્વજીદ્ઘ)માંથી સ્નાતક થયેલ છે. ‘ક્રિષ્ના - ધ લવર એન્ડ વૉરિયર’માં ભગવાન શ્રી કૃષ્ણના જીવન પર વાત કરવામાં આવી છે. ક્રિષ્નાનું બાળપણ, રાધા ક્રિષ્નાની પ્રેમ કહાણી, ક્રિષ્ના દ્વારા કંસનું વધ અને મહાકાવ્ય મહાભારતનો અધ્યાય પણ નાટકમાં દર્શાવવામાં આવશે. આ નાટકમાં બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે રજૂ કરવામાં આવશે. આમાં ક્લાસિકલ રાસ પણ સામેલ છે. ભગવાન શ્રી કૃષ્ણની સંગીત યાત્રાના પ્રવાસની વાત કરવામાં આવી છે અને પ્રથમવાર ઓડિયો વિઝ્યુઅલ પણ આવરી લેવામાં આવશે.નાટ્યની ટિકીટ બુકિંગ ઓનલાઈન બુક માય શૉ અને ઓલઈવેન્ટ્સ પરથી થઈ શકે છે.

# થરાદ પાલિકા દ્વારા કોન્ટ્રાકટર સામે લાલ આંખ : કારણદર્શક નોટીસ ફટકારાઈ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ પાલિકા દ્વારા ઉંઝા તાલુકાના મક્તુપુરની ક્રિશા કન્સ્ટ્રકશન નામની એજન્સીને નગરપાલિકાના વોર્ડ નંબર સાતમાં આરસીસી રોડની કામગીરીનો ગત ૧૦/૦૬/૧૭ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેના કામની સમય મર્યાદા ૦૯/૧૨/ ૧૭ પુર્ણ થઇ ગઇ હોવા છતાં પણ કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી પુર્ણ નહી કરતાં પાલિકા દ્વારા ગત તારીખ ૧૩/૦૩/૧૮ના ઠરાવથી વધુ બે માસની સમય મર્યાદા વધારવામાં આવી હતી.જે વધારેલી સમય મર્યાદા પણ પુર્ણ થઇ ગઇ છે.જોકે તેના પહેલાં કોન્ટ્રાક્ટર દ્વારા (બે માસ પહેલાં) બસસ્ટેશન સર્વોદય સોસાયટીથી સાંચોર હાઈવેને જોડતા સીસી રોડની કામગીરી શરુ કરવામાં આવી હતી.તે પણ રાત્રે હાથ ધરાતાં વિવાદના કારણે પડતી મુકાયા બાદ ફરી પાછી ચાલુ કરી માત્ર એક સાઈડની કામગીરી કરી ત્યાર બાદ પડતી મુકવામાં આવી હતી.

બીજી બાજુ એક મહિનાથી રોડની વચ્ચે રહેલા કપચી રેતના ઢગલાના કારણે અવરજવર કરતા વિધાર્થીઓ ,વાહનચાલકો અને રાહદારીઓને વાહનો સ્લીપ થવાથી અકસ્માત થવાના બનાવો પણ અવારનવાર બનવા પામ્યા હતા.જોકે આ અંગે પાલિકા દ્વારા કોન્ટ્રાકટરને વારંવાર ટેલીફોનિક સુચનાઓ આપવા છતાં પણ ગંભીરતા નહી દાખવતાં સમાચારની ક્લિપો પણ મોકલવામાં આવી હતી.તેમ છતાં પણ કોઈ જ પગલાં લેવામાં નહી આવતાં આખરે પાલિકાના ચીફ ઓફીસર રોશની પટેલ દ્વારા લાલ આંખ કરીને શૉ કોઝ નોટીસ આપવામાં આવી હતી.જેમાં હવે વધારાની ટાઈમ લિમીટનો પ્રશ્ન ઉપસ્થિત થશે તે જવાબદારી તમારી રહેશે.પરંતુ પાલિકાનાં ભવિષ્યનાં કામો માટે બ્લેક લિસ્ટ કેમ ન કરવા તેનો પાંચ દિવસમાં ખુલાસો કરવા પણ જણાવવામાં આવ્યું હતું.નગરપાલિકા વર્તુળોમાં આ ઘટનાથી ખળભળાટ મચવા પામ્યો હતો.

# પાલનપુરની લડબી નદીમાં ગંદુ પાણી રેલાતાં દુર્ગંધથી રહિશો ત્રાહિમામ

### બિલ્ડરોના દબાણના કોટ તોડવાની કાર્યવાહી અધૂરી મુકાતાં લોકોમાં રોષ

પાલનપુર

પાલનપુરની લડબી નદીમાં થયેલા ગેરકાયદે દબાણો તોડવાની તંત્ર દ્વારા શરૂઆત કરવામાં આવી છે. જ્યાં બનાસબેંકની પાછળ નદીના પટમાં બનાવવામાં આવેલો કોટ હટાવવાની કામગીરી હાથ ધરાયા બાદ આ કામ અધુરૂ મુકવામાં આવ્યું છે. બીજી તરફ લડબીનદીના સાફ કરેલા પટમાં ગંદુ પાણી છોડવામાં આવતા હવે પ્રજાજનોના આરોગ્ય ઉપર ખતરો મંડરાઈ રહ્યો છે.

પાલનપુરની લડબીનદીમાં થયેલા માલેતુજારોના દબાણો બચાવી નાના દબાણો તોડવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો વચ્ચે નગરપાલિકા તેમજ જમીન દફતર કચેરી દ્વારા બનાસબેંકની



પાછળ બિલ્ડર બાબુભાઈ કાઠીયાવાડી દ્વારા બનાવવામાં આવેલા કોટ તોડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, આ કામ અધુરૂ છોડવામાં આવ્યું છે. બીજી તરફ લડબીનદીના પટની સફાઈ કર્યા બાદ શનિવારે તેમાં ગંદુ પાણી છોડવામાં આવ્યું હતુ. જેના પગલે સ્થાનિક રહિશોમાં રોષની લાગણી ઉદ્દભવવા પામી છે. આ અંગે રહિશોએ જણાવ્યું હતુ કે, ઢુંઢીયાવાડી, જામપુરા,

અનુસંધાન પાના નં.૬

### અંબાજી હાઇવેનું નાળુ તોડી પડાશે

નેશનલ હાઈવે ઓથોરિટીના અંતરમાં પસાર થતી લડબીનદીના પટમાં પણ ગેરકાયદે નાળા બનાવવામાં આવ્યા હોવાનું બહાર આવવા પામ્યું છે. જ્યાં અંબાજી હાઈવે ઉપર નાળુ બનાવવા માટે બિલ્ડર દ્વારા કોઈ પરમીશન લેવામાં આવી નહોઈ આ નાળુ તોડી પાડવા માટે આદેશ કરવામાં આવ્યા છે.

# થરાદ તાલુકાના આચાર્યોને ડિઝાસ્ટર અંગેની તાલીમ અપાઈ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ એ.પી.એમ.સી.માં શનિવારે સવારે શહેર તથા તાલુકાની શાળાઓના આચાર્યોની બેઠક યોજાઇ હતી. જેમાં શિક્ષકોને આગામી ચોમાસાને અનુલક્ષીને ડિઝાસ્ટની કામગીરી કઇ રીતે કરી શકાય. તેમાં કેવા પ્રકારની તકેદારીઓ અને સાવચેતીઓ રાખવી તે અંગે તમામ પ્રકારની ઝીણવટભરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે તાલુકાના પીઢ શિક્ષકો એસ.જી. દવે, કનૈયાલાલ પટેલ, પી.ઓ. ત્રિવેદી, સંજયભાઇ ત્રિવેદી સહિતોએ કાર્યક્રમનું સંકલન કરી ગ્રામ્યસ્તરે શાળા દ્વારા કામગીરી કરવાની સમજ આપવામાં આવી હતી.

ત્યાર બાદ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા પણ ગેસના બાટલમાં આગ લાગેતો તેને કઈ રીતે કાબુમાં લેવી તથા નગરપાલીકાના ફાયર ફાઈટરના પાઈલોટ લાખાજી રાજપુત, વિરમાજી ઠાકોર અને તરવૈયા સુલતાન મીર દ્વારા આગ અને પાણી થી કઈ રીતે બચવું અને આગ ઉપર કઈ રીતે કાબુ મેળવવો તેના વિશે પણ પ્રેક્ટીકલ કરી માહિતી આપવામાં આવી હતી.આજના કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં થરાદ તાલુકાના સીઆરસી શિક્ષકો અને શિક્ષિકાઓ અને આચાર્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમના દ્વારા ફાયરફાઈટરના પાયલોટોનું સન્માન કરાયું હતું.

# ડીસા રીસાલા વિસ્તારમાં ગરમીથી રાહત આપવા શરબત કેમ્પ યોજાયો

ડીસા

ડીસા શહેરની ગરમી આમેય ખુબ જ અસહ્ય હોય છે. ત્યારે આ ગરમીમાં ડીસા શહેરમાં બહારગામથી આવતા લોકોને રાહત મળી રહે તે માટે અલગ અલગ સ્થળો પર ડીસાના લોકો દ્વારા પાણીની પરબો અને છાસ કેન્દ્રો ઉપલબ્ધ બનાવવામાં આવતા હોય છે. ત્યારે આજે ડીસા શહેરના રિસાલા બજારમાં ભરતભાઈ દેવડા, દિનેશભાઈ દેવડા અને કિશનભાઈ મહેશ્વરી દ્વારા શરબતના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસા શહેરમાં આવેલો રિસાલા ચોક વેપારી મથક ડીસાનું હાર્દ છે અને અહી દુર દુરથી લોકો ખરીદી કરવા માટે આવતા હોય છે. ત્યારે બહારગામથી ખરીદી કરવા આવતા લોકોને અતિશય ગરમીમાં રાહત મળી રહે તે માટે આજે શરબત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્તર ગુજરાત શિવસેનાના અધ્યક્ષ કમલેશભાઈ ઠક્કર, ડીસા શહેર શિવસેનાના પ્રમુખ પ્રકાશભાઈ સુન્દેશા, શંકરભાઈ પ્રજાપતિ સહીત સ્થાનિક વેપારીઓ હાજર રહ્યા હતા અને વિશાળ સંખ્યામાં લોકોએ પણ આ શરબત કેમ્પનો લાભ લીધો હતો.

# જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, પાલનપુર દ્વારા રોકેટરી વર્કશોપ કાર્યક્રમ યોજાયો

પાલનપુર

ગુજકોસ્ટ- ગાંધીનગર પ્રેરિત અને બનાસ ગ્રામ વિકાસ સમિતિ સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, પાલનપુર દ્વારા તા. ૨૦/૦૬/૨૦૧૬ ના રોજ રોકેટરી વર્કશોપ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે પ્રથમ સાયન્સ પ્રોગ્રામના માસ્ટર ટ્રેનર નરેશભાઈ બાજરીયાએ બાળકોને રોકેટ કેવી રીતે બનાવવામાં આવે છે. તેમાં કેવા પ્રકારના ઈંધણનો ઉપયોગ કરવામાં આવે છે. તથા અવકાશ ક્ષેત્રે ભારતનું યોગદાન તથા ભારતમાં આવી સંસ્થા ક્યાં આવેલી છે. તેની સ્થાપના વગેરે વિશેની માહિતી આપી હતી. ભારતે અત્યાર સુધીમાં રોકેટ ક્ષેત્રે કેટલી સિધ્ધિઓ મેળવેલી છે. આ ઉપરાંત અત્યારે ભારતે એકસાથે કેટલા ઉપગ્રહો અવકાશમાં તરતા મુકેલા છે તેની માહિતી આપવામાં આવી હતી. તથા આ રોકેટ અવકાશમાં જાય છે. ત્યારે કયા સિધ્ધાંત ઉપર કાર્ય કરે છે. તેની માહિતી આપેલ તથા આ નાના રોકેટને બનાવી અને તેને જાતે ઉડાડવાનો આનંદ કેવો હોય છે. તે વિદ્યાર્થીઓએ અનુભવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો.ઓર્ડિનેટર જિતેન્દ્ર પ્રજાપતિએ કર્યુ હતું.

# વડગામ મુકામે તાલુકા સહકારી સંઘમાં કૃભકોની સમૂહ ચર્ચા યોજાઇ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ ખાતે ગતરોજ ચેરમેન સરદાર ભાઈ આર.ધુળીયા(વણસોલ)ની અધ્યક્ષતા માં અને જિ.સહકારી અગૃણી કે.પી.ચૌધરીની વિશેષ હાજરીમાં કૃભકો ભારતી કો.ઓ.લિ. કૃભકોની સભાનુ આયોજન કરાયું હતું જેમાં યુરીયા ખાતર તથા ખેડૂતોને લગતા પૃશ્નોની ચર્ચા કરાઈ હતી.કૃભકોના સિ.મેનેજર આર.કે.પટેલે કૃભકોની વિવિધ યોજનાઓ ની જાણકારી આપી હતી.કાયૅકૃમનુ સફળ સંચાલન તથા આભારવિધિ મેનેજર કામરાજભાઈ ભટોળે કરી હતી.

# પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ



પાલનપુર

શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ, પાલનપુર (છાસઠ ગોળ) તળે માતુશ્રી રાજીબા વિદ્યાસંકુલમાં તા.૨૩-૬-૧૮ ના રોજ નવિન પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને દાતા શ્રી જીતુભાઈ પ્રજાપતિ (બસુ) તેમજ સમાજના આગેવાનો દ્વારા સ્કૂલબેગ, નોટબુક સાથેનું વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગમાં સંસ્થાના પ્રમુખ ગુણવંતભાઈ, સમાજના પ્રમુખ પીતાંબરભાઈ, ઉપપ્રમુખ કાન્તીભાઈ, નિયામક રમેશભાઈ, આચાર્ય કારોબારી સભ્યો તેમજ વાલીઓને હાજરી આપી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.

# ભારત વિકાસ પરિષદની થરાદ શાખા દ્વારા ચોપડા વિતરણ

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરની ભારત વિકાસ પરિષદ શાખાના પ્રમુખ અજય ઓઝા દ્વારા શહેરની ગાયત્રીનગર શાળાના જરૂરીયાત મંદ વિધાર્થીઓને મફતમાં ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પરિષદના સદસ્ય ઉદ્દેશીભાઇ પટેલ, પ્રકાશભાઇ ઓઝા, સંજયભાઇ ત્રિવેદી, જીતુભાઇ મહેશ્વરી, પરબતભાઇ પટેલ, સીઆર વાણિયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય દિનેશભાઇ ત્રિવેદી અને સ્ટાફ દ્વારા જરૂરીયાત મંદ વિધાર્થીઓની યાદી અને કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

# વડગામ તા.પં.કર્મચારી મંડળીની વા.સાધારણ સભા યોજાઈ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગતરોજ શનિવાર બપોરે એક કલાકે વડગામ તાલુકા પંચાયત કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની ૫૫મી વાષિક સાધારણ સભા ચેરમેન ભરતભાઈ પી.પટેલ ની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકના શુભારંભમાં મેનેજર અભેરાજભાઈ આર. ચૌધરીએ ગતસભાનો અહેવાલ રજૂ કર્યા હતો. જેને સર્વાનુમતે બહાલી આપી આવક-જાવકના હિસાબો મંજૂર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત પુર્વ.ચેરમેન (૧)વાલુભાઈ ચૌધરીનાં દોત્રા, (૨)મહેન્દ્રસિંહ બારડ, (૩)રતુભાઈ ગોળ, (૪)બાબુલાલ ધુળીયા-વણસોલ, (૫)ભીખાભાઈ એ.પુરબિયાએ સભાસદોને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકનું સફળ સંચાલન મેનેજર અભેરાજ ભાઈ ચૌધરીએ કયું હતું. કર્મચારીગણે બેઠક સફળ બનાવવા ભારે જેહમત ઉઠાવી હતી. સંસ્થાના સંચાલક મંડળના સભ્યો, સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ભીલડીની ઉદય વિદ્યાલય ખાતે બાળકોનો પ્રવેશોત્સવ યોજાયો


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના ભીલડી ખાતે ''કૌટિલ્ય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત'' ઉદય વિદ્યાલય ખાતે કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ અંતર્ગત પ્રવેશોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં જુની ભીલડી સરપંચ મનુભાઈ એચ. જોષી પુરવઠા મામલતદાર અમદાવાદ રાજેશભાઈ પ્રજાપતિ નાયબ મામલતદાર પાટણ પી.બી. સિલ્વા જુની ભીલડી સી.આર. સી., નવી ભીલડી સી.આર.સી. ટ્રસ્ટી અમીતભાઈ જોષી, બિપીનભાઈ રાજગોર, આનંદભાઈ મહેતા, રમેશભાઈ જોષી (ધનાસરા), વિનોદભાઈ રાવલ, સુરેશભાઈ સીલ્વા પૂર્વ કૃષિમંત્રી બાબુભાઈ દવે, સુખદેવજી ઠાકોર, ગોવરજીભાઈ સોની, મહેન્દ્રભાઈ જોષી, પરાગભાઈ જોષી (ગલ્લાવાળા) વગેરેની ઉપસ્થિતિમાં બાળકોને પ્રવેશ આપ્યો હતો.

જેમાં ૪૦ જેટલા નાના ભુલકા બાળકોને તમામ દાતાઓ તરફ સ્કુલ કીટ આપવામા આવી હતી. આ કાર્યક્રમની આભારવિધિ સ્કુલના એમ.ડી. જીતુભાઈ જોષીએ કરી હતી.

# જલારામ મંદિર ડીસા ખાતે ધારાસભ્યના હસ્તે વૃક્ષારોપણ કરાયું

ડીસા

બનાસકાંઠા જિલ્લાના હૃદયસમા ડીસા નગરમાં હાઈવે સ્થિત જલારામ મંદિરના અગ્રભાગે નેશનલ હાઈવે ઓથોરીટીના માર્ગદર્શનથી તેમજ વન વિભાગની સલાહ મુજબ વૃક્ષારોપણ કાર્યક્રમ જલારામ ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવ્યો હતો. આ પવિત્ર અવસરે ડીસાના યુવાન, ઉત્સાહી, જાગૃત અને કર્મઠ ધરાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા તેમજ ડીસા નગરપાલિકાનાં કર્મઠ પ્રમુખ શિલ્પાબેન માળીના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રેરણાદાયી અવસરે બનાસકાંઠા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસા શહેર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી, ડીસા જલારામ ટ્રસ્ટના સર્વ કનુભાઈ આચાર્ય, ડૉ.કિશોરભાઈ આસનાની, શશીકાંતભાઈ ડી.ઠક્કર, ભગવાનભાઈ બંધુ, નરેશભાઈ આચાર્ય, જયંતિભાઈ ઓઢાવાળા, સુરેશભાઈ દેવવાળા, આર.ડી.ઠક્કર, મહેશભાઈ ઉદેચા, તુષારભાઈ હાલાણી, શારદાબેન આચાર્ય, કનુભાઈ હાલાણી, દીપકભાઈ ડી. તન્ના (જય જલારામ), હરિભાઈ બી. અખાણી, અરવિંદભાઈ આઈ. હાલાણી, ધવલભાઈ ઠક્કર, જલારામભાઈ દેવવાળા, ભારત વિકાસ પરિષદના અગ્રણીઓ પારસભાઈ ત્રિવેદી, જયેશભાઈ દેસાઈ, નાથાભાઈ ખત્રી, ડીસા નગરના આગેવાનો, મેહુલભાઈ જોષી(કલાકાર), દેવુભાઈ માળી, ડૉ.સી.કે.પટેલ, પ્રવિણભાઈ નાઈ(રતનગઢ), વિચરતા સમુદાય સમર્થન મંચના ઈશ્વરભાઈ રાવળ, કોર્પોરેટર અતુલભાઈ શાહ, મોતીભાઈ પ્રજાપતિ, ભરતભાઈ માળી સહિત અનેક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# વડગામના યુવા સામાજિક કાર્યકર દ્વારા શૈક્ષણિક કિટ્સનું વિતરણ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ ના યુવા સામાજિક કાર્યકર અને બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળના પુર્વ.પૃમુખ કિરણભાઈ ડી. વડગામ દ્વારા ગતરોજ તેમના સ્વ.પિતા ધર્માભાઈ ખુશાલભાઈ વડગામાની પુણ્ય તિથિ નિમિત્તે વડગામ તાલુકાના ગરીબ વિધવા બહેનો ના સંતાનોને શૈક્ષણિક કિટ્સનું વિતરણ કરી હતી.

# શ્રીમતી એસ.કે.મહેતા હાઈસ્કૂલ જગાણામાં યોગદિનની ઉજવણી

પ્રતિનિધિ જગાણા

જગાણા ખાતે શ્રીમતી એસ.કે. મહેતા હાઈસ્કૂલમાં ૨૧ મી જૂન આંતરરાષ્ટ્રીય યોગદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર સ્ટાફગણ, વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં યોગશિક્ષણની સાથો સાથ તેનું શારીરિક તેમજ માનસિક આરોગ્યમાં યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

# લુણપુર ગામે સંતવાણી યોજાઈ

ડીસા

લુણપુર ગામે સોલંકી પરિવારના દલપતસિંગ અજમલજીએ સંતવાણી-ભજન સત્સંગનો કાર્યક્રમ રાખેલ. તેમાં સંતવાણી ભજનીક અલખ આરાધક રામનાથ ગૌસ્વામી, તબલા ઉસ્તાદ રાજસ્થાની આબાદ મીરે સંગત આપી રાત્રે સંતો મનહર બાબુરામ શીવજી ભગત તથા લુણપુર હરિભક્તો પધારેલ. રામનાથે ગણપતિ વંદનાથી કાર્યક્રમની શરૂઆતમાં સુંદર રીતે ભજનો ગાયા હતા. હરિભક્તો આનંદમાં આવી ગયા. રાત્રે સંતોના સામૈયા, આરતીથાળ વગેરે કાર્યક્રમ કરી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# રાજપુર શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસાની રાજપુર પ્રાથમિક શાળા નં.૧ માં ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૯ બાળકોને ધો.૧ માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. બન્ને શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરી મંત્રમુગ્ધ કરી દીધા હતા. ભોપાનગર માળીવાસના યુવાનો દ્વારા શાળાના બાળકોને ૩૦૦ થાળી-વાટકીની ભેટ આપી હતી. તેમનુ ધારાસભ્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. રાજપુર શાળાને અનુપમ એવોર્ડ મળેલ તે બદલ ધારાસભ્યએ અભિનંદન આપી તમામની કામગીરીની સરાહના કરી હતી. મહાનુભાવોએ બાળકોને આશીર્વાદ આપી પ્રવેશ આપ્યો હતો. શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયાએ દરેકને શાળાની કામગીરીથી વાકેફ કર્યા હતા. આ પ્રસંગે ગીતાબેન પઢિયાર, દીપકભાઈ પઢિયાર, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, અશોકભાઈ વિપુલભાઈ, બી.આર.સી કો. ઓર્ડિ. અલ્પેશભાઈ પ્રજાપતિ સી.આર.સી. કો ઓર્ડિ. સહિત હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અખિલ ભારતીય રબારી દેવાસી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

હરિદ્વારની પાવન ભુમિમાં ગંગા દશેરાના શુભ દિવસે અખિલ ભારતીય રબારી દેવાસી સમાજની સંસ્થા દ્વારા સમગ્ર ભારતમાં ધોરણ ૧૦ અને ૧૨ માં ૯૦ ટકા ઉપરાંત ગુણ ધરાવતા ૪૮ જેટલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

અખિલ ભારતીય રબારી દેવાસી સમાજ સંસ્થા દ્વારા હરિદ્વાર ખાતે આવેલ રબારી સમાજની ધર્મશાળામાં તા. ૨૨/૬/૨૦૧૮ ને શુક્રવારના રોજ યોજાયેલ છાત્રોના સન્માન સમારોહમાં દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર સાથે રૂપિયા ૫૧૦૦ નું ઈનામ આપવામાં આવ્યુ હતું. આ ઉપરાંત આ તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓના હરીદ્વાર આવવા જવાનું ટ્રેન ભાડુ પણ ચુકવવામાં આવ્યુ હતું. હરીયાણા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ ગુજરાત સહિત અન્ય પ્રદેશોના વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત મોટી સંખ્યામાં રબારી સમાજ ઉપસ્થિત રહ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**
**કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી**
**યુનિટ-૧ ખેરવા (મહેસાણા)**
**ગણપત યુનિવર્સિટી સામે ખેરવા (મહેસાણા)**
**પીન નં. ૩૮૪૦૧૨ ટે.નં.-૦૨૭૬૨-૨૮૬૫૦૮**
**ઈ- ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.-૧ સને-૨૦૧૮-૧૯**

કાર્યપાલક ઈજનેરશ્રી યુનિટ-૧ ખેરવા(મહેસાણા) દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાન વિભાગ, નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે.
કામનું નામઃ- મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ૯(નવ) પા.કુવાના પમ્પરૂમ બનાવવાની સિવિલ કામગીરી.
(૧) અંદાજીત રકમ-રૂા. ૧૩,૦૪,૫૫૬/-
(૨) બાનાની રકમ- રૂા. ૧૩૦૪૬/-
(૩) ટેન્ડર ફીની રકમ- રૂા. ૧૦૬૨/-
(૪) ટેન્ડર ઓનલાઈન ભરીને વેબસાઈટ પર મુકવાની તા. ૨૧/૦૬/૧૮ થી તા. ૦૬/૦૭/૧૮ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી.
(૫) ટેન્ડર ફી બાનાની રકમ તથા મંગાવેલ દસ્તાવેજો સિલબંધ કવરમાં સ્પીડ પોસ્ટ/ આર.પી.એ.ડી. થી પહોંચાડવાની તા.૦૭/૦૭/૧૮ થી તા. ૧૨/૦૭/૧૮ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી.
(૬) ટેન્ડર ખોલવાની તા. ૧૩/૦૭/૨૦૧૮ ના રોજ ૧૨.૦૦ કલાક
વધુ વિગત સરકારશ્રીની વેબ સાઈટ www.gwrdc.gujarat.gov.in www.nprocure.com અથવા www.statetenders.com અને અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં આર.પી.એ.ડી/ સ્પીડ પોસ્ટથી બંધ કવરમાં ટેન્ડર કચેરીમાં સ્વીકારવામાં આવશે નહિં.
ક્રમાંકઃનામાનિ/મહે/૧૨૦/૨૦૧૮/૧૯

# તંત્રી સ્થાનેથી ...

**સજ્જનોના સદ્ આચરણથી લોકો પ્રસન્ન થાય છે અને અનુસરે છે.**

## કાશ્મીર સંદર્ભે યુ.એન.ના અહેવાલને પડકારતું ભારત

દિવસે દિવસે પાકિસ્તાન ભારત બાબતે એલફેલ આક્ષેપો કર્યા કરે છે. વળી કાશ્મીર બાબતે સંયુક્ત રાષ્ટ્રસંઘે એક એવો અહેવાલ તૈયાર કર્યો છે. જેમાં જણાવાયું છે કે જમ્મુ- કાશ્મીરમાં માનવ અધિકારનો ભંગ થાય છે અને તેના માટે ભારત - પાકિસ્તાન બંને જવાબદાર છે. જો કે કેટલાક રાષ્ટ્રોએ ભારતને પોતાનું સમર્થન આપતાં પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના અહેવાલમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કાશ્મીરમાં થતી હિંસા માટે ભારત જવાબદાર છે, આ વાત કોઈ માને ખરું?

જો કે અફઘાનિસ્તાન- ક્યુબા, યુરેશિયા સહિત અમુક રાષ્ટ્રોએ સંયુક્ત રાષ્ટ્ર સંઘના અહેવાલને નકારી કાઢ્યો છે. જ્યારે અમુક રાષ્ટ્રોનું કહેવું છે કે પાકિસ્તાને હવે સુધરી જવું જોઈએ. પાક. દળો કાશ્મીરમાં હુમલા કરી હિંસા આચરી રહ્યા છે.

વિશ્વના અમુક રાષ્ટ્રો આગળ પાકિસ્તાન ભારતને બદનામ કર્યા કરે છે અને એવું કહે છે કે ભારતીય દળો કાશ્મીરમાં હિંસા આચરે છે. જે ત્રાસવાદીઓ વિસ્ફોટો આચરે છે. તે વિદેશી ત્રાસવાદીઓ છે. હકીકતમાં ભારતીય જવાનોએ જે ત્રાસવાદીઓને ઠાર કર્યા છે તે પાકિસ્તાનથી આવેલા હતા અને કરાંચીમાં તેમનું હેડક્વાર્ટર પણ છે તેમ છતાં પાકિસ્તાન વિદેશની ધરતી પર શા માટે જુહ્વાણુ ચલાવતું હશે.

હકીકતમાં જે વિકાસશીલ રાષ્ટ્રો છે તે રાષ્ટ્રો હાલમાં પણ પાકિસ્તાનની ટીકા કરી રહ્યા છે. કેમ કે ભારતે કાશ્મીર અને અફઘાનિસ્તાનમાં જે વિકાસ કામો માટે નાણાં આપ્યા છે. તે બાબત પાકિસ્તાનના નેતાઓને મળતી નથી. કાશ્મીરમાં પોતાનો હક્ક જમાવવાના પ્રયાસો કરતા અલગતાવાદીઓ `પાક. નેતાઓએ કાશ્મીરના વિકાસ માટે એક રૂપિયો આપ્યો નથી. એટલે વિકાસશીલ રાષ્ટ્રો ભારતનું સમર્થન કરી રહ્યા છે. પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈએ હમણા કાશ્મીરમાં પાકિસ્તાની ધ્વજ લહેરાવ્યો હતો, પરંતુ કાશ્મીરની સમજદાર જનતા આ બધાને ઓળખી ચુકી છે. ત્યાંના યુવાનોને અલગતવાદીઓ ભરમાવી રહ્યા છે અને ભારત વિરૂધ્ધ દેખાવો કરવા પ્રેરી રહ્યા છે. પરંતુ પત્થરમારો ચલાવનારા યુવાનો ધાર્યું ચલાવી શકશે નહિં.

જ્યારે હાલમાં જમ્મુ- કાશ્મીરમાં ભાજપ- પીડીપીનું ગઠબંધન તૂટ્યું એટલે રાજ્યપાલના હાથમાં સત્તા આવી જતાં પાકિસ્તાન અંદરોઅંદર લાલઘૂમ થઈ ચૂક્યું છે. કાશ્મીરના રાજ્યપાલના શાસન બાબતે પાકિસ્તાને ભારતની ટીકા કરતા કહ્યું હતું કે, હવે કાશ્મીરમાં નવી દિલ્હીથી સીધો દોરી સંચાર થશે અને કેન્દ્ર તેમાં હસ્તક્ષેપ કરશે.

પાકિસ્તાને ભારતને બદનામ કરવા એવું પણ નિવેદન આપ્યું હતું કે, અગાઉ કાશ્મીરમાં રાજ્યપાલનું શાસન આવ્યું છે. તેનો અનુભવ ખરાબ રહ્યો છે એટલે અમારી કાશ્મીરના ઘટનાક્રમ પર બાજ નજર રહેશે.

જો કે કાશ્મીરમાં અરાજકતા ફેલાવતા તત્વોની શાન- ઠેકાણે લાવવા રાજ્યપાલ કાયદાની લગામ વધુ મજબુત બનાવશે અને કાશ્મીરમાં કાયમી શાંતિ જળવાઈ રહે અને પર્યટન ઉદ્યોગ પુનઃ ખીલી ઉઠે તેવા પ્રયત્નો થનાર છે. કેન્દ્ર સરકારે તો રાજ્યપાલને તમામ સત્તાઓ આપી દીધી છે. જેથી અલગતાવાદીઓની બરાબર ખબર લઈ શકશે...

## ધ ન્યૂ જનરેશન પોર્શ કાયેન્ને ભારતમાં આવે છે



૩.૦ લિટર વી ૬ એન્જિન સાથેની નવી પેઢી પોર્શ કાયેન્ને જે ભારતમાં આવી છે, આ વર્ષે લોન્ચ કરવામાં આવશે.

## અમદાવાદ ડીસીસીબીમાં જમા કરાયેલી/ બદલવામાં આવેલી રદ થયેલી નોટા

કેટલાક મીડિયા રિપોર્ટસમાં દર્શાવાયું હતું કે નાબાર્ડ દ્વારા અપાયેલી વિગતો અનુસાર અમદાવાદ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કોઓપરેટિવ બેન્ક (ડીસીસીબી)માં રદ કરાયેલી ચલણી નોટો જમા કરવામાં આવી હતી. આ મામલે નીચે પ્રમાણે સ્પષ્ટતા છે:ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા વચગાળાના નિર્દેશો અને અને ભારત સરકારના ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ અપાયેલા નોટિફિકેશન અનુસાર, આરબીઆઈએ તા. ૧૦-૧૪ નવેમ્બર, ૨૦૧૬માં જે અમદાવાદ ડીસીસીબી સહિતના જે ખાતાઓમાં રદ કરાયેલી ચલણી નોટો જમા કરવામાં આવી એ ખાતાઓમાં કેવાયસી (નો યોર કસ્ટમર)ની ચકાસણી પૂરી કરવાં આવી હતી. નાબાર્ડ દ્વારા અમદાવાદ ડીસીસીબી સહિત તમામ ડીસીસીબીમાં વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના ૧૦ નવેમ્બર, ૨૦૧૬ના નોટિફિકેશન અનુસાર, તમામ ડીસીસીબીને નોટબંધી દરમિયાન તેમના ગ્રાહકો પાસેથી રદ કરાયેલી ચલણી નોટો સ્વીકારવા માટે અનુમતિ આપવામાં આવી હતી. અમદાવાદ ડીસીસીબીના મોટી સંખ્યામાં ગ્રાહકોએ તેની શાખાઓમાં રદ ચલણી નોટો બદલાવી હતી /જમા કરી હતી. જે બેન્કના ખાતાઓના કદ અને સંખ્યાના પ્રમાણમાં જ હતી. ડીસીસીબી સાથેના કુલ ૧૬ લાખ એકાઉન્ટ્સ છે તેમાં માત્ર ૧.૬૦ લાખ ગ્રાહકો એટલે કે કુલ ડિપોઝીટ એકાઉન્ટ્સના ૯.૩૭ ટકા જેટલી જ રદ નોટો જમા કરાઈ હતી/બદલવામાં આવી હતી. તેમાંથી રૂ. ૨.૫ લાખથી ઓછી રકમ ૯૮.૬૬ ટકા ખાતાઓમાં જમા કરાઈ હતી જેમાં નોટો જમા કરાઈ હતી અથવા બદલવામાં આવી હતી. બેન્કમાંના કુલ ખાતાઓમાંતી માત્ર ૦.૦૯ ટકા ખાતાઓમાં જ રૂ. ૨.૫ લાખથી વધુની રકમ જમા કરાવવામાં આવી હતી. અમદાવાદ ડીસીસીબીમાં સરેરાશ જમા રકમ રૂ. ૪૬૭૯૫ રહી હતી જે ગુજરાતની ૧૮ ડીસીસીબીમાં પ્રતિ ડિપાઝીટરની સરેરાશ કરતાં ઓછી છે. આ સમય દરમિયાન કે જેમાં બેન્કના ૧.૬૦ લાખ ગ્રાહકોએ રદ કરાયેલી ચલણી નોટો રૂ. ૭૪૬ કરોડની રકમમાં જમા કરાવી અથવા તો બદલાવી તે બેન્કમાં જમા થયેલી રદ નોટોની ૧૫ ટકા સંખ્યા જ થાય છે. ગુજરાતમાં ડીસીસીબીમાં જમા થયેલી રદ થયેલી નોટો કરતાં મહારાષ્ટ્રની ડીસીસીબીમાં જમા કરવામાં આવેલી રદ નોટોની સંખ્યા વધુ હતી, તેના પછી કેરળની ડીસીસીબી બેન્કોમાં વધુ સંખ્યામાં રદ નોટો જમા કરાઈ હતી. નાબાર્ડ દ્વારા અમદાવાદ ડીસીસીબીમાં ૧૦૦ ટકા વેરિફિકેશન કરવામાં આવ્યું હતું જેમાં જાણવા મળ્યું હતું કે બેન્કે આરબીઆઈ દ્વારા રદ થયેલી ચલણી નોટો સ્વીકારતી વખતે સંપન્ન કરવાની રહેતી તમામ કેવાયસી માર્ગદર્શિકાઓનું પાલન કરેલું હતું. નાબાર્ડના વેરિફિકેશન રિપોર્ટ અનુસાર વિસ્તૃત માર્ગદર્શિકા અંતર્ગત બેન્કે આવશ્યક કેશ ટ્રાન્ઝેક્શન રિપોર્ટસ (સીટીઆર) અને એસટીઆરથી એફઆઈયુ-ઈન્ડિયાની આવશ્યક્તા વખતે રજૂ કર્યા હતા. બેન્કના ગ્રાહકો દ્વારા જમા કરાયેલી રદ નોટોની સરેરાશ રકમ અન્ય બેન્કો કરતા ઓછી રહી છે. અમદાવાદ અને રાજકોટ સહિત ભારતભરની ડીસીસીબી પાસે રહેલી રદ કરાયેલી નોટોના સંતોષકારક વેરિફિકેશનના આધારે આરબીઆઈ દ્વારા આ તમામ ડીસીસીબીમાં રહેલી રદ ચલણી નોટો સ્વીકારવામાં આવી હતી. આરબીઆઈએ ડીસીસીબીના સંબંધિત ખાતાઓમાં આવશ્યક ક્રેડિટ આપી હતી.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

II Our Experience is Your Treasure II
ISO 9001:2015 CERTIFIED
Investment Point
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy



Nikhil Bhatt
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજારમાં ઉછાળે નફારૂપી વેચવાલી..!! નફો બુક કરો...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૨૫.૦૬.૨૦૧૮ થી ૨૯.૦૬.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

મિત્રો, ગયા સપ્તાહે બજારે મધ્યમ દેખાવ કર્યો હતો. ક્ષેત્રિય દેખાવના સંદર્ભમાં જોઈએ તો બેન્ક, ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, રિયલ્ટી, આઈટી, એનજી, એફએમસીજી, ફાર્મા અને મીડિયા શેરોએ સારો દેખાવ કર્યો હતો, જ્યારે કેપિટલ ગૂડ્સ, મેટલ, પાવર અને ઈન્ફ્રા શેરો સારો દેખાવ કરી શક્યા ન હતા. તેમજ વચગાળાના નાણાપ્રધાન પીયુષ ગોયલે સરકારી બેન્કોની દબાણયુક્ત લોનની સમસ્યાનો ઉકેલ લાવવા એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (એઆરસી)ની રચના કરવાની શક્યતા ચકાસવા કમિટીની રચના કરી છે. સરકારી બેન્કોની નાણાકીય સ્થિતિમાં સુધારો કરવાનું તે સારું પગલું છે. તેનાથી એક જ કંપનીમાં રિકવર કરી શકાય તેવી તમામ એસેટને ટ્રાન્સફર કરી શકાશે. તેનાથી એસેટના વેચાણમાં પણ પારદર્શકતા આવશે. સરકારી બેન્કોની બેલેન્સશીટને મજબૂત બનાવી શકાશે અને તેમના કોન્સોલિડેશનનો માર્ગ મોકળો થશે. ૨૦૮-૧૯માં હાલની સમસ્યામાંથી બહાર આવવાની બેન્કો પાસે સારી તક છે અને બજાર પણ આવી ધારણા રાખે છે. જો કે હાલમાં સરકારી બેન્કોમાં સ્પષ્ટતાનો અભાવ છે. જો દબાણયુક્ત એસેટને સિંગલ એએમસીમાં ટ્રાન્સફર કરવામાં આવે તો થોડી સ્પષ્ટતા ઊભી થશે અને એકંદર ઈન્વેસ્ટમેન્ટ આઉટલૂકમાં સુધારો થશે.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, વૈશ્વિક બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. અમેરિકામાં ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં વધારો કર્યો છે. ૨૦૧૮ માં વ્યાજદરમાં વધુ બે વખત વધારાની ધારણા છે. તેનાથી આર્થિક નરમાઈ આવી શકે છે. યુરોપિયન સેન્ટ્લ બેન્કે ૨૦૧૯ના અંત સુધીમાં વ્યાજદરમાં વધારો ન કરવાનો નિર્ણય કર્યો છે. ઈસીબીના વડા મોરિયો ડ્રાગીએ ૨૦૧૮માં પ્રોત્સાહન પેકેજમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. તેનાથી ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં બોન્ડની ખરીદીમાં ઘટાડો થશે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮ -૧૯ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

વિદેશી સંસ્થાઓના વાર્ષિક રોકાણ સંદર્ભે જોઈએ તો ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૬૧૯ કરોડની વેચવાલી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૭૯૦૪.૮૫ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૯૬૨૦.૫૬ કરોડની વેચવાલી, મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૨૩૫૯.૭૧ કરોડની વેચવાલી તેમજ ૨૧ જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૭૫૨૪.૭૯ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી, જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦૦૯૦.૯૧ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૧૪૨.૮૮ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૩૯૮.૭૩ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૭,૮૧૩ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૬૬૯૩.૯૧ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૮૬૬૩.૮૮ કરોડની ખરીદી, મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૧૫૦૫૪.૪૮ કરોડની ખરીદી તેમજ ૨૧ જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૧૦૦૯૮.૭૮ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં સતત ઘટાડો લાંબો સમય સુધી ચાલુ ન રહે તેવી ધારણા છે. તેનાથી વેલ્યૂ બાઈંગની તક મળી શકે તેમ છે. આ કંપનીઓમાં ટર્નઅરાઉન્ડ થાય ત્યારે તેમાં સારું વળતર મળી શકે છે. મિડ-કેપ અને સ્મોલ-કેપ ઈન્ડેક્સ સંબંધિત બાવન સપ્તાહના ઊંચા સ્તરથી અંદાજીત ૧૩% અને ૨૦% સુધી ઊતરતો દેખાવ કરી રહ્યા છે. આર્થિક પરિબળોમાં નરમાઈ, વિદેશી ફંડ્સના આઉટફ્લો અને મ્યુચ્યુઅલ ફંડ્સની વેચવાલીથી મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં વોલેટિલિટીમાં વધારો થયો છે. પ્રીમિયમ વેલ્યુએશન, વ્યાજદરમાં વધારાનો ટ્રેન્ડ, ડોલર સામે રૂપિયામાં નરમાઈથી આ કંપનીઓને નેગેટિવ અસર થઈ હતી. વેલ્યુએશનના મોરચે જોઈએ તો મિડ-કેપ અને લાર્જ-કેપ શેરો વચ્ચેના તફાવતમાં ઘટાડો થયો છે. મિડ-કેપ અને સ્મોલ-કેપ સામાન્ય રીતે લાર્જ-કેપ શેરોની સરખામણીમાં જોખમી હોય છે, પરંતુ બિઝનેસની વૃદ્ધિને સંભાવનાને કારણે સારું વળતર મળે છે. આ કંપનીઓની બિઝનેસ સાઈકલમાં રિકવરી સાથે ઉત્સાહમાં વધારો થશે. જીએસટી અને નોટબંધીના પ્રારંભિક અવરોધ દૂર થવાની સાથે કોર્પોરેટ અર્નિંગમાં રિકવરી આવશે તેવી ધારણાએ ચાલુ વર્ષનો પ્રારંભ હકારાત્મક વલણ સાથે થયો હતો. જો કે કંપનીઓનો વાસ્તવિક નાણાકીય દેખાવ ધારણાથી નીચો રહ્યો હતો. ભારતના બજારે બીજાં ઊભરતાં બજારો કરતાં ઊતરતો દેખાવ કર્યો હતો. વૈશ્વિક જોખમમાં વધારાથી બજારમાં ઘટાડો થયો હતો. હવે આર્થિક પ્રવૃત્તિમાં ફરી વધારો અને ચોમાસામાં સારી પ્રગતિ જેવાં પરિબળો મિડ-કેપ શેરો ખરીદી કરવાનાં કારણો રજૂ કરે છે. ભૂતકાળમાં આપણે એવી ઘણી સ્થિતિ જોઈએ કે જેમાં મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં કરેક્શન આવ્યું હોય. ખાસ કરીને છેલ્લા એક વર્ષની વિચારણા કરી તો નોટબંધી એક અણધાર્યો ફટકો હતો અને જીએસટી આયોજનપૂર્વકનું પગલું હતું. આ બંને પરિબળોથી પ્રારંભમાં નેગેટિવ અસર થઈ હતી અને રોકાણકારોએ મિડ-કેપ અને સ્મોલ-કેપમાં વિશ્વાસ ગુમાવ્યો હતો. જો કે પછીથી આ બંનેને હકારાત્મક ગતિવિધિ માનવામાં આવી હતી અને ભવિષ્યમાં કંપનીઓની સ્થિતિમાં સુધારો થવાની ધારણા છે. તેનાથી આ શેરોના વેલ્યુએશનમાં વધારો થયો હતો. ભવિષ્યમાં હકારાત્મક સ્થિતિની ધારણા સાથેના શેરો અને ક્ષેત્રોમાં ટર્નઅરાઉન્ડ થશે ત્યારે તેમાં સારું વળતર મળશે. ૨૦૧૭ – ૧૮ના ચોથા ક્વાર્ટર માટે જીડીપીમાં ઊંચી વૃદ્ધિ, એપ્રિલમાં આઈઆઈપીના સારા ડેટા અને આરબીઆઈના નિર્ણયની આગેવાની હેઠળ તાજેતરમાં બજારમાં આપણને થોડી રાહત જોવા મળી હતી. કોર્પોરેટ અર્નિંગમાં તાકીદના ડાઉનગ્રેડનો સમયગાળો પૂરો થયા બાદ મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં તીવ્ર ઘટાડામાં રાહત મળવાની ધારણા છે. રાજકીય જોખમને બજાર ડિસ્કાઉન્ટ કરે અને ભાવિ બિઝનેસમાં સુધારાની સાથે આ શેરો માટેના વલણમાં ફેરફાર થશે. આ ઉપરાંત જીડીપીમાં વૃદ્ધિ, ગ્રામીણ બજારમાં સુધારો અને ચોમાસાના પ્રારંભથી કન્ઝમ્પ્શન સ્ટોર વધુ સારી બની રહી છે. આકર્ષક ભાવ અને વેલ્યુએશનમાં સરળતાથી બજારમાં આપણને પ્રત્યાઘાતી ઉછાળો જોવા મળી શકે છે. મિડ-કેપ શેરો પ્રીમિયમ વેલ્યુએશનને ટ્રેડ થાય છે અને લાર્જ-કેપ શેરો સાથે વેલ્યુએશનનો તફાવતમાં ઘટાડો થયો છે. તેમજ ચીન અને અમેરિકા વચ્ચેના વેપાર યુદ્ધ જેવા પરિબળોને કારણે બજારમાં રેન્જ બાઉન્ડ રહેવાની ધારણા છે. અમેરિકાના પ્રમુખે ચીનને આયાત પર ડ્યુટી લાદવાનો નિર્ણય કર્યો છે અને ચીને પણ આવો નિર્ણય કરવાનો સંકેત આપ્યો છે. આ મુદ્દે વૈશ્વિક બજારોના સેન્ટિમેન્ટને પણ અસર થશે.

જોકે આપણા બજારમાં રેન્જ બાઉન્ડ મુવમેન્ટ વચ્ચે કેટલાંક શેરોમાં રોકાણ થઈ શકે છે. કોર્પોરેટ બેન્ક, કેટલીક એનબીએફસી અને વીમા કંપનીઓ સારો દેખાવ કરી શકે છે. કેટલાંક કેપિટલ ગૂડ્સ શેરો તથા કેટલાંક મિડ-કેપ અને ઓટો શેરો પણ સારો દેખાવ કરી શકે છે. બજારનો એકંદર ટ્રેન્ડ બદલાય તેવું લાગતું નથી.

બાકી મારા મતે " તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર "...કેમ ખરું ને

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ



**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૧૮/૦૬/૨૦૧૮ ના રોજ ૧૦૮૦૯ પોઈન્ટ ખુલીને ૧૦૭૦૪ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૮૪૯ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૪૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૨ પોઈન્ટના ઉછાળે ૧૦૮૩૭ પોઈન્ટ બંધ થયેલ...!!!



**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૧૮/૦૬/૨૦૧૮ ના રોજ ૨૬૩૩૯ પોઈન્ટ ખુલીને ૨૬૨૦૫ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૮૩૦ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૬૨૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૦૧ પોઈન્ટના ઉછાળે ૨૬૭૯૫ પોઈન્ટ બંધ થયેલ...!!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૮૩૭)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૧૦૯૪૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૮૦૮ પોઈન્ટથી ૧૦૭૯૦ પોઈન્ટ, ૧૦૭૭૩ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૯૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૬૭૯૫)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૨૬૪૭૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૬૮૨૩ પોઈન્ટથી ૨૬૮૮૦ પોઈન્ટ, ૨૬૯૦૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૯૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) ઈન્ડસિન્ડ બેન્ક ( ૧૯૫૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૧૯૧૯ ના પ્રથમ સપોર્ટથી ખરીદવાલાયક...!! બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૯૭૪ થી રૂ.૧૯૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) સેન્ચુરી ટેક્ષ્ટાઈલ ( ૯૧૭ ) :- આ સ્ટોક રૂ.૯૦૩ નો પ્રથમ તેમજ રૂ.૮૯૦ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફ્યુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૯૩૩ થી રૂ.૯૪૦ સુધી ની તેજી તરફ રુખ નોંધાવશે...!!

3) HDFC લિમીટેડ ( ૧૯૧૦ ) :- ૫૦૦ શેર નું ફ્યુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૮૯૦ નો પ્રથમ તેમજ રૂ.૧૮૭૩ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૪૪ થી રૂ.૧૯૫૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

૪) ઈન્ડિગો ( ૧૧૮૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૦૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૧૨ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૧૬૭ થી રૂ.૧૧૫૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૨૧૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

૫) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ( ૧૦૦૯ ) :- રૂ.૧૦૨૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૩૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! ટૂંકાગાળે રૂ.૯૯૬ થી રૂ.૯૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૩૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!

૬) ટેક મહિન્દ્રા ( ૬૯૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૦૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૭૧૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૬૭૬ થી રૂ.૬૭૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૭૧૯ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) અદાણી ટ્રાન્સમિશન ( ૧૬૪ ) :- અદાણી ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૫૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૪ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૬ થી રૂ.૧૮૨ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) ઈન્ડોટેક ટ્રાન્સફોર્મર ( ૧૬૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૪૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૭ થી રૂ.૧૮૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) જીફ ગ્લોબલ મિલ ( ૧૧૩ ) :- રૂ.૧૦૭ નો પ્રથમ તેમજ રૂ.૯૭ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૧૨૧ થી રૂ.૧૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) પોલિકેમ ( ૩૦૮ ) :- કેમિકલ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૨૩ થી રૂ.૩૩૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૯૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) વોટરબેઝ લિમીટેડ ( ૧૮૬ ) :- રૂ.૧૭૭ નો પ્રથમ તેમજ રૂ.૧૬૪ ના સ્ટોગ સપોર્ટથી ફૂડ પેકેજીંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૦૩ થી રૂ.૨૧૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) ઝેનિથ એક્સપોર્ટસ ( ૧૦૩ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૯૭ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૧૪ થી રૂ.૧૨૧ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ગાયત્રી પ્રોજેક્ટ્સ લિમીટેડ ( ૧૭૨ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૬૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૮૪ થી રૂ.૧૯૭ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) ઈન્ડિયા સિમેન્ટ્સ ( ૧૧૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૭ આસપાસ રોકાણકારે રૂ.૧૨૩ થી રૂ.૧૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૯૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો ધ્યાને લઈએ તો

૧) ટીના રબર ( ૬૧ ) :- રબર સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૬૭ થી રૂ.૭૫ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૫૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) વક્રાન્ગી સોફ્ટવેર ( ૫૨ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ટેકનોલોજી સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૪૬ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૫૮ થી રૂ.૬૩ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) આયુષ ફૂડ ( ૪૬ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૩ નો પ્રથમ તેમજ રૂ.૩૯ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફૂડપેકેજીંગ સેક્ટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૫૩ થી રૂ.૬૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) ઉત્તમ સુગર ( ૭૯ ) :- રૂ.૭૧ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૮૮ થી રૂ.૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૭ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક રેન્જ ૧૦૭૭૩ થી ૧૦૯૦૯ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# નેસડી કોતરવાડા પ્રા.શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ


નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

ગત તા. ૧૫/૬/૨૦૧૮ નો રોજ દિયોદર તાલુકાના નેસડી કોતરવાડા પ્રા.શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે દિયોદર તાલુકા મામલતદાર તાલુકા પંચાયત સદસ્ય રાણીબેન તાલુકા ઓ.બી.સી. પ્રમુખ અભેસિંહ ચૌહાણ, સી.આર.સી. ગોલવી અરજણભાઈ રાજપુત તેમજ તમામ મહાનુભાવોના હસ્તે આંગણવાડી તેમજ ધોરણ ૧ ના બાળકોને શાળામાં પ્રવેશ અપાયો હતો. આનંદભર્યા માહોલમાં બાળકોને મોં મીઠું કરાવી કુમકુમ તિલક કરી શૈક્ષણિક કીટ અર્પણ કરીને હર્ષભેર શાળામા પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય મહેશભાઈ દેસાઈએ બાળકોને પ્રવેશ આપી તેમના ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી. શાળાના સમગ્ર સ્ટાફગણે ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે આંગણવાડી કાર્યકર તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# ગાયત્રી મિશન વડગામ દ્વારા વિશ્વયોગ દિવસની ઉજવણી


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામ ખાતે ગાયત્રી મિશન પરિવાર દ્વારા ગઈકાલ તા.૨૧/૬/૨૦૧૮ ગુરૂવારે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. ગાયત્રી પરિજન જશુભાઈ રાવલે યોગ વિષય ઉપર વિસ્તૃત જાણકારી આપી હતી અને બાબા રામદેવની સ્ટાઈલમાં યોગના દાવ કરી ''યોગ ભગાવે રોગ'' કહેવત વિશે વિવરણ કર્યું હતું. કરશનજી સોલંકી, મહોતભાઈ ભગત, ધનજીભાઈ મકવાણા, બાબુભાઈ મકવાણા વગેરે ગાયત્રી ઉપાસકોએ યોગ વિષયની જાણકારી આપી હતી, વડગામ વિસ્તારની પ્રાઈવેટ સ્કુલોમાં વિશ્વયોગ દિવસના કાર્યક્રમો યોજવામાં આવ્યા હોવાનું કે.સી.સોલંકી (ભગત) એ જણાવ્યું હતું.

# પાલનપુર ખાતે ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા રજતજ્યંતિ મહોત્સવ યોજાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતે આવેલા આકેસણ ફાટક નજીક ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ બ.કાં.ની મંગલમ્ શૈક્ષણિક સંસ્થા આવેલી છે આ સંસ્થાને ૨૫ વર્ષ પુર્ણ થતાં બ.કાં. ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા રજતજ્યંતિ સમારોહ યોજાયો હતો.

જેમાં ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખ અને ર્ડા.બાબા આંબેડકર અંત્યોદય નિગમ નના ચેરમેન ગૌતમભાઈ ગેડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો આ પ્રસંગે રાજ્ય સભાના સાંસદ શંભુપ્રસાદ ટુંડીયા, બ.કાં.ના સાંસદ અને કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી કચ્છના સાંસદ વિનોદભાઈ, મગનલાલ માળી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. બ.કાં. ના સાંસદ અને કેન્દ્રીય મંત્રી તેમજ કચ્છના સાંસદના હસ્તે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું સમાજના વિશિષ્ટ આગેવાનોનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યુ હતું. રાત્રીના સમયે સમાજના યુવાનો બાળાઓમાં રહેલા ટેલેન્ટોને સ્ટેજ પર રજૂ કરવામાં આવ્યા હતા. અને ભજનીક કલાકાર વિજય ચૌહાણે ભજનથી ઉપસ્થિત લોકોને ડોલાવી દીધા હતા.

# થરામાં શ્રી નિલકંઠ મહાદેવ મંદિરનો પ્રથમ પાટોત્સવ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં હાઈવે સ્થિત આવેલ શ્રી નિલકંઠ મહાદેવ મંદીર એક વર્ષ અગાઉ નિર્માણ પામેલ.જેની ધામધૂમ પૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવેલ જેનું એક વર્ષ પૂર્ણ થતાં પ્રથમ વાર્ષિક પાટોત્સવ નિમિતે યજ્ઞ યોજાયો હતો. યજ્ઞના આચાર્ય જીતુભાઇ જોષી,રાજેશભાઇ જોષી એ પોતાના મુખારવિંદે શાસ્ત્રોકત વિધિ વિધાન થી મંત્રોચ્ચાર સાથે શરણાઈ ના સૂરો વચ્ચે રાજપુરોહીત હિરાબેન પુનમચંદ થરાના યજમાનપદે ચાલુ કરી નાળિયેર હોમી પૂર્ણાહુતિ કરવામાં આવેલ. ભગવાન ભોળનાથની આરતી પૂજા મંદિર ના પૂજારી મુકેશભારથી ગૌસ્વામી કરેલ, પ્રસાદ લઈ ભાવિક ભક્તો ધન્યતા અનુભવેલ.આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટીઓ તથા કાંકરેજ તાલુકાના તથા થરા-તાણા ની ધર્મપ્રેમી જનતા વિશાળ સંખ્યામાં યજ્ઞના દર્શને પધારેલ.

# અરણીવાડા ગામે કાસેલા ગોગા મહારાજની રમેલ યોજાઈ


સજ્જનસિંહ સોલંકી

પ્રતીનીધી કંબોઈ

કાંકરેજના અરણીવાડા ગામે પાંચાભાઈ નાગજીભાઈ દેસાઈના ફાર્મ હાઉસ પર બિરાજમાન કાસેલા ગોગા મહારાજની ભવ્ય રામેલ યોજવામાં આવશે, તેમાં ગોગા મહારાજના ભુવાજી પાંચાભાઈ દેસાઈ એ ધુણીને આવનાર ભક્તો ભુવાજી ઓ અને દરેક ઉપસ્થિત માનવ મેદાનીને આશીર્વાદ આપ્યા હતા, ત્યાર પછી સિકોતર માતાજી ના ભુવાજી જાલુભાઈ દેસાઈ બુકોલી વાળાએ પણ ભક્તોને માતાજીના ઓતારમા ઉપસ્થિત જન મેદનીને સારા આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે ગામે ગામથી બહોળી સંખ્યામા ભુવા અને માતાજી અને ગોગા મહારાજ ના ભક્તો ઉમટયા હતા. તેમાં મફાજી સોલંકી પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત કાંકરેજ જીભાઈ દેસાઈ શિહોરી, દશરતભાઈ દેસાઈ બુકોલી સરપંચ, સજ્જનસિંહ સોલંકી કંબોઈ સંજય દેસાઈ ઉચારપી સરપંચ અને મોટી સંખ્યામા લોકો ઉપસ્થિત રહયા હતા.

# શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટમાં યોગદિનની ઉજવણી

ડીસા

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ ડીસા સંચાલિત શ્રી સર્વોદય વિદ્યાલય કાંટ ખાતે શશિશુંદિર, પ્રાથમિક, માધ્યમિક તથા ઉ.મા. વિભાગના સંયુક્ત ઉપક્રમે ચતુર્થ યોગદિનની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કર્યા બાદ માધ્યમિક તથા ઉ.મા. વિભાગના આચાર્ય આલ ભરતભાઈ તથા પ્રાથમિક વિભાગના ઈન. આચાર્ય ભાકોદરા દશરથભાઈ દ્વારા 'યોગ દિન' અનુસંધાને 'યોગ કર્મશું કૌશલમ્' સૂત્ર દ્વારા 'યોગ' નું જીવનમાં મહત્વ સુંદર રીતે વિદ્યાર્થીઓને સમજાવેલ ત્યારબાદ ઈન. આચાર્ય તથા વ્યાયામ શિક્ષક ભાકોદરા દશરથભાઈ તથા બારોટ અરવિંદભાઈએ 'યોગદિન' નિમિત્તે નિયત કરેલ વિવિધ આસનો, પ્રાણાયામની સાથે અન્ય યોગિક ક્રિયાઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કરેલ.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ શાળાના ટ્રસ્ટીઓ દ્વારા પણ વિદ્યાર્થીઓને 'યોગ ભગાવે રોગ' સુત્રને જીવનમાં સાર્થક કરવાની શુભેચ્છા પાઠવેલ.

# વડગામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિશ્વયોગ દિવસની ઉજવણી


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વડગામ સંકુલમાં ગઈકાલે તા. ૨૧ મી જુન ૨૦૧૮ ગુરૂવાર સવારે વિશ્વયોગ દિવસની ઉજવણી કરાઈ હતી. તા. વિકાસ અધિકારી એ. એમ. પરમાર, તા. આરોગ્ય અધિકારી ડૉ.વી.એ. ગઢવી, પ્રિન્સીપાલ ડૉ. લક્ષ્મણભાઈ વિ.ગોળ, તા. શિક્ષણાધિકારી જી.એન. દેશમુખ, સર્કલ ઈન્સ્પેક્ટર મફાજી એચ. ચૌહાણ, સહિત પંચાયત, આરોગ્ય, શિક્ષણ વગેરે વિભાગના અધિકારીઓ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ અને પ્રા.શાળાના બાળકોએ યોગ કર્યા હતા. હાઈસ્કુલના શિક્ષક હરીભાઈ અને કોલેજ પ્રોફેસર ભારમલભાઈ કણબીએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

# તપોવન સંસ્કાર ધામ નવસારી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી



સુરત

'યોગ' એ ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ભેટ છે. તે આપણી ધરોહર છે. તપોવનના દરેક બાળકો રોજ સવારે યોગ-પ્રાણાયામ-આસન કરી પોતાના દિવસની શરૂઆત કરે છે. ગતરોજ 'વિશ્વયોગ દિવસ નિમિત્તે પૂ.મુનિરાજ શ્રી અનંતસુંદર વિ.મ.સા. આદિઠાણાની નિશ્રામાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે પૂ.શ્રી એ યોગનું મહત્વ સમજાવતા બાળકોને જણાવ્યું હતું કે 'યોગ ભગાવે રોગ યોગથી શારીરિક, બૌદ્ધિક તથા આધ્યાત્મિક વિકાસ થાય છે. યોગ એ શરીરની એકતા, શ્વાસને લય અને મગજના વિચારોને અંકુશમાં રાખે છે. ધ્યાન અને યોગથી પ્રભુની સમીપ પહોંચાય છે. આત્મલક્ષી બનાય છે. મંત્રોચ્ચાર સાથે શાંત મનથી સાચા દિલથી ભગવાનની ભક્તિ કરીને આરોગ્યમય આયુષ્ય પણ પ્રાપ્ત કરી શકાય છે, દરેક તપોવની બાળકો સાથે સમગ્ર તપોવન પરિવાર પણ આ ઉજવણીમાં જોડાયો હતો. સૌએ નિયમિત યોગ-કસરત-પ્રાણાયમ કરવાનો સંકલ્પ લીધો હતો. તથા આજે વિશ્વ યોગા દિવસ નિમિત્તે બાળકોએ પદ્માસન, સવાસન, મયુરાસન, ચક્રાસન જેવા વિવિધ આસનો તથા પ્રાણાયામ પણ કર્યા હતા.

# લાખણીમાં યોગદિનની ઉજવણી


દેવજી રાજપુત

તાલુકા મથક લાખણીની સરસ્વતી હાઈસ્કુલમાં આવી હતી. શાળાના બાળકો અને શિક્ષકો દ્વારા વિવિધ યોગનું નિદર્શન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય અને અન્ય આગેવાનોએ યોગનું મહત્વ સમજાવ્યું હતું. આ ઉજવણીમાં યુ.જી.વી.સી.એલ., મામલતદાર અને સી.એસ.સી. નો સ્ટાફ પણ જોડાયો હતો. જ્યારે ગ્રામજનો, વેપારીઓ, પોલીસ- હોમગાર્ડ જવાનો પણ ઉજવણીમાં સહભાગી થયા હતા.

# કોતરવાડા પે કેન્દ્ર શાળામાં ચોપડા વિતરણ


નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના કોતરવાડા ગામની પે કેન્દ્ર શાળામાં ભણતા ધો.૧ અને ૨ ના બાળકોને ગામના વતની અને ભાભરમાં દવાખાનુ ધરાવતા સેવાભાવી ભરતભાઈ ઠાકોર દ્વારા ચોપડા, સ્લેટ, બોલપેન અને દફતરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેથી બાળકોમાં ખુશાલી છવાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ઠાકોર સમાજના તમામ કામોમાં સહભાગી થતા સરપંચ મગનજી ઠાકોરના પુત્ર છે. પિતાના પગલે તેઓ પણ સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતા શાળાના આચાર્ય સંજયભાઈ, સ્ટાફ અને ગ્રામજનોએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# યુવા ક્ષત્રિય સેના બનાસકાંઠા જિલ્લા ના મિડિયા સેલ કન્વિનર પદે વરણી કરાઈ



મુંડેઠા

ડીસા તાલુકાના મુંડેઠા ગામના વતની રાઠોડ સાદુલસિહ મદારસિહને યુવા ક્ષત્રિય સેનાના બનાસકાંઠા જિલ્લાના મિડિયા સેલ કન્વિનર પદે વરણી કરાઈ હતી જેમાં સાદુલસિહ રાઠોડ પહેલાં હોદા સંભાળી રહેલ હતા જેમા ડીસા તાલુકા ભાજપ કિસાન મોરચાના સોશિયલ મીડીયા કન્વિનર

મુંડેઠા સરકારી માધ્યમિક શાળામાં S .A.M.C તેમજ મુંડેઠા પ્રાથમિક શાળા ના S.M.C ના સભ્ય પદે સેવા આપી રહ્યાછેતેમજ પત્રકાર તરીકે સેવા આપી રહ્યા છે

# શ્રી જે.ડી. અજબાણી સર્વોદય વિ.વિદ્યાલય, ડીસામાં વિશ્વ યોગ દિનની ઉજવણી



ડીસા

શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય (પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા.) ડીસામાં ૨૧ મી જુન વિશ્વ યોગ દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૧૨ ના તમામ વિદ્યાર્થી ભાઈ- બહેનો તેમજ સમગ્ર સ્ટાફ યોગના કાર્યક્રમમાં જોડાયો હતો. શાળાના આચાર્ય જગદીશભાઈ પરમારે બાળકોને તંદુરસ્ત જીવન માટે યોગના ફાયદા વિશે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. યોગના તમામ આસનો શાળા શિક્ષક

અશોકભાઈ પ્રજાપતિ તેમજ રાહુલભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રા.શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદીએ હાજર રહી પણ યોગના ફાયદા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# છાપી હાઈસ્કૂલનું ગૌરવ



છાપી

વડગામની શારદાશિક્ષ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા રજોસણા ગામના રોહન જસવંતસિંહ રાજપુતે વર્ષ ૨૦૧૮ મા લેવાયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૩.૫ ટકા મેળવી છાપી હાઈસ્કૂલ તેમજ રજોસના ગામ તેમજ બાવન આંટા રાજપૂત સમાજનું ગૌરવ વધારતા તેઓના શુભેચ્છકો શુભેચ્છા પાઠવી હતી.

# ડીસા નવજીવન કોલેજમાં યોગ દિનની ઉજવણી

ડીસા

વિશ્વ યોગ દિવસ નિમિત્તે નવજીવન આર્ટસ કોલેજમાં આયોજિત યોગ શિબિરમાં હજારો લોકો જોડાઈને યોગાભ્યાસ કર્યા હતા.અને કોલેજોના હજારો વિદ્યાર્થીઓ યોગ શિબિરોમાં જોડાયા હતા. કેન્દ્રો પર ચાલેલી યોગ શિબિરમાં ઘણા લોકો સહભાગી થયા હતા. ડો. હરેશ પંચાલના માર્ગદર્શન હેઠળ યોગ કરાવવામાં આવ્યા .


મનીષ જોષી

વડોદરાના સમા સ્પોર્ટસ્ કોમ્પલેક્સમાં યોજાયેલા યોગાભ્યાસ દરમિયાન બીઆરજી ગૃપની ઉર્મિ સ્કૂલના વિદ્યાર્થીઓએ સ્વિમિંગ પુલમાં યોગ કર્યા ની નિરંજન જોષી દ્વારા લેવાયેલી

# ડીસા શિવનગર પ્રા. શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની ઉજવણી


જમીલ મેમણ

ડીસા

તાઃ-૨૨/૦૬/૧૮ ને શુક્રવારના રોજ ૭:૩૦ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ નિમિતે સરકારના પ્રતિનિધિ તરીકે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયા બનાસકાંઠાના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, કિશોરભાઈ સાંખલા, જિલ્લા પ્રા. શિક્ષણ સંઘના પ્રમુખ ચમનભાઈ વાઘેલા તથા ડીસા શહેરના ભાજપના હોદ્દેદારો, નગર પાલિકાના સદસ્યો, એસ.એમ. સી.ના સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.આવેલ મહેમાનોનું શાળાના આચાર્ય ગીતાબેન ધ્વરા શબ્દોથી સ્વાગત કર્યું.મહેમાનો ધ્વારા આંગણવાડીના બાળકોને રમકડાંની કીટ ધ્વારા પ્રવેશ આપ્યો, ધોરણઃ-૧ ના ગુજરાતી અને અંગ્રેજી મીડિયમના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો,બે દિવ્યાંગ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. વિદ્યાલક્ષમી બોન્ડ વિતરણ, ધોઃ-૩ થી ૮ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન,દ્વસ્સ્જી પરિક્ષામા મેરીટ આવેલ વિદ્યાથીનું સન્માન,સ્પોર્ટ કોટામાં પસંદગી પામેલ બે વિદ્યાર્થીઓ સન્માન, સાખી દાતાઓનું સન્માન કરવામાં આવ્યું, બાળકો ધ્વારા અમૃતવચન આપવામાં આવ્યું પ્રોગ્રામનું સફળ સંચાલન પ્રકાશભાઈ અને અલ્પેશભાઈ કર્યું હતું.બાળકોને બિસ્કિટ આપવામાં આવ્યા.પ્રોગ્રામને સફળ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

### સદરપુરમાં વિના...

**પાના નં .૧ ચાલુ**

મનસ્વી વહીવટને પગલે સંસ્થાને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

દરમિયાન, રાજ્યના મહેસુલ વિભાગના ઉપસચિવ એ કલેક્ટરને પત્ર લખી આ મામલે જવાબદાર અધિકારીને કારણોદર્શક નોટિસ પાઠવી તેમનો ખુલાસો મેળવી વિગતવાર અહેવાલ મોકલી આપવાની તાકીદ કરતા પાલિકા સહિત ભાજપી વર્તુળોમાં ચકચાર મચી જવા પામી છે.

### અખિલ ભારતીય...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ કાર્યક્રમને દીપાવવા રબારી સમાજમાંથી સંસ્થાના ટ્રસ્ટી ખેમરાજભાઈ, ડૉ.સંજયભાઈ દેસાઈ (પૂર્વ ચેરમેન ગોપાલક નિગમ ગાંધીનગર) ગોવિંદભાઈ (તંત્રી ગોપાલ બંધુ), હરગોવિંદભાઈ વિહોલ, બલાભાઈ સામલા (સોમનાથ) સહિત અનેક ગણમાન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### જલારામ મંદિર...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓએ વૃક્ષારોપણથી સંતોષ વ્યક્ત કર્યો હતો. સાથે સાથે વન વિભાગના વન વિસ્તરણ મદદનીશ તરૂણભાઈ ચૌધરી અને વનરક્ષક જગતાભાઈ ચૌધરીએ પણ સંપૂર્ણ સહકાર આપ્યો હતો. આ અવસરે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ વૃક્ષારોપણથી સંતોષ વ્યક્ત કરી નજીકના સમયમાં જ પીલર બેઈઝ ફ્લાય ઓવરબ્રીજનું ખાતમુહુર્ત થનાર છે. તેવા આનંદના સમાચાર પણ આપ્યા હતા. નેશનલ હાઈવે દ્વારા જ્યાં જ્યાં પણ ખુલ્લી જગ્યાઓ પડેલ છે. ત્યાં ત્યાં વૃક્ષારોપણ કરાવી નેશનલ હાઈવેને લીલોછમ બનાવવાની પ્રક્રિયા ચાલુ છે.ત્યારે જલારામ મંદિર દ્વારા વૃક્ષારોપણ થતાં નગરજનોએ પણ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ડીસા નગરપાલિકા શાસક પક્ષના નેતા નિલેષભાઈ ઠક્કરે પણ પુરતો સહયોગ આપ્યો હતો.

### પાલનપુરની લડબી...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કોજી, રેલવે કોલોની વિસ્તારના ગટરના ગંદા પાણી લડબીના પટમાં નાંખવામાં આવ્યું છે. વળી, નદીનાપટમાં ધરોઇ જુથ યોજનાની પાઇપલાઇન પણ નાંખવામાં આવી છે. ત્યારે લીકેજ પાઇપમાં આ ગંદુ પાણી ભળે તો ભયંકર રોગચાળો ફાટી નીકળવાની પણ દહેશત રહેલી છે. ત્યારે ગંદા પાણીનો નિકાલ ભૂર્ગભ ગટર લાઇન દ્વારા કરવામાં આવે તેવી માંગ છે.

### થરા ગાયત્રી...

**પાના નં .૮ ચાલુ**

નોંધાવતાં પોલીસ તસ્કરોનું પગેરૂ શોધવા સક્રિય બની છે. થોડા દિવસ અગાઉ રાયચંદભાઈ ઠક્કર તક્ષશીલા સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં કોઈ સફળતા નહી મળતા મોબાઈલ લઈ રફુચક્કર થયા હતા. તેવું જાણવા મળેલ છે.

### ધાનેરા તાલુકાના ...

**પાના નં .૮ ચાલુ**

વડીલો પાસે પહોંચ્યો હતો જો કે મહિલા ને ન્યાય ના માલ્ટા આખરે આ મહિલા એ આજે ધાનેરા પોલીસ મથકે આલવાડા ગામ ના સરપંચ દિનેશ ભાઈ ખેંગાર ભાઈ પટેલ તેમજ પિન્ટુ ભાઈ ચોપા ભાઈ પટેલ વિરુદ્ધ ઇ પી કો કલમ ૩૫૪.૫૦૬(૨).૧૧૪ મુજબ ફરિયાદ આપી છે.

જયારે ધાનેરા પોલીસ એ પણ બનાવ ની ગંભીરતા લઇ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

### નવ દિવસ ...

**પાના નં .૮ ચાલુ**

આવ્યો હતો.આ બનાવથી સમાજ અને નગરમાં શોક સાથે અરેરાટીની લાગણી ફેલાવા પામી હતી.થરાદ પોલીસ દફતરે આ અંગે ફરિયાદ કરાતાં પોલીસે રિક્ષાચાલક સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### બાળકોને ઉચ્ચ...

**પાના નં .૮ ચાલુ**

ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવીને સમૃધ્ધ અને સુખમય સમાજનું નિર્માણ કરીએ. તેમણે વાલીઓને જણાવ્યુંધ કે બાળકોના અભ્યાધસમાં પુરતી કાળજી રાખીએ અને સમયાંતરે શાળાની મુલાકાત લઇને શિક્ષકોને મળી બાળકની શૈક્ષણીક પ્રગતિથી માહિતગાર રહીએ. તેમણે જણાવ્યું કે જીવનમાં સુખ-શાંતિ અને સમૃધ્ધિ માટે શિક્ષણ અને સારા સંસ્કા રો અનિવાર્ય રીતે જરૂરી છે. તેમણે કહ્યું કે દિકરા-દીકરીનો એક સમાન ઉછેર કરીને આદર્શ સમાજનું નિર્માણ કરીએ.

આ પ્રસંગે જિ.પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડૉ.દિપકભાઇ દરજીએ જણાવ્યું કે સરકારશ્રીનો ઉદેશ્ય છે કે એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે અને દરેક બાળક શાળામાં પ્રવેશ મેળવે. તેમણે કહ્યું કે આ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં ૪૮,૦૦૦ બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ કે ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર દિકરીઓને રૂ. ૪ કરોડના વિધાલક્ષ્મીઉ બોન્ડ આપવામાં આવ્યા છે. આ પ્રસંગે તેજસ્વીછ વિધાર્થીઓ અને દાતાઓનું કેન્દ્રી ય મંત્રીશ્રીના હસ્તે સન્મા ન કરવામાં આવ્યું હતું. દિકરીઓને વિધાલક્ષ્મીદ બોન્ડ અને સાઇકલ એનાયત કરવામાં આવી હતી. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બાળકોના ટ્રાન્સપોર્ટેશન માટેના વાહનોને લીલઝંડી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન પાલનપુર નગરપાલિકાના પ્રમુખશ્રી અશોકભાઇ ઠાકોર, અગ્રણીઓ સર્વશ્રી મુન્નાભાઇ ગુપ્તાય, શ્રી પ્રફુલ્લાબેન પટેલ, શ્રી દેવેન્દ્રભાઇ, શ્રી અતુલભાઇ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એચ.એલ.રાવલ, ના.જિ.પ્રા.શિક્ષણાધિકારીશ્રી મુકેશભાઇ ચાવડા, આચાર્યશ્રી વર્ષાબેન પટેલ અને શ્રી આનંદભાઇ પટેલ, શિક્ષકો, વિધાર્થીઓ અને વિશાળ સંખ્યા માં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમાં બે ગમખ્વાર અકસ્માતમાં ૧૨થી વધારે લોકોના મોત

અમદાવાદ

ગુજરાતના જુદા જુદા ભાગોમાં બે મોટા ગમખ્વાર માર્ગ અકસ્માતોમાં ઓછામાં ઓછા બાર લોકોના મોત થયા છે અને ૩૯ લોકો ઘાયલ થયા છે. બે અકસ્માતોમાં ઘાયલ થયેલા પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાથી આ બંને અકસ્માતોમાં મોતનો આંકડો વધવાની શક્યતા છે. અંકલેશ્વરથી પ્રાપ્ત અહેવાલ મુજબ નેશનલ હાઈવે નંબર ૪૮ પર અંકલેશ્વર નજીક માંડવા ચોકડી પાસે ટ્રેલરને લક્ઝરી બસે ટક્કર મારતા માતા-પુત્રી સહિત પાંચ લોકોના મોત થયા હતા અને આ અકસ્માતમાં ૧૫ લોકો ઘાયલ થયા હતા. તમામ મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. જ્યારે રાજુલાથી પ્રાપ્ત અહેવાલ મુજબ ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે ઉપર રાજુલાના નીંગાળા ગામના પાટીયા પાસે ટ્રક પુલ પરથી નીચે ખાબકી જતા સાત લોકોના મોત થયા હતા અને ૨૪ ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતા. જેમાં બે ભાઈ, બહેન અને માતનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે નેશનલ હાઈવે નં-૪૮ પર અંકલેશ્વર નજીક માંડવા ચોકડી પાસે ગત મોડી રાત્રે ટ્રેલર હાઈવે પર ઉભુ હતું. આ સમયે સુરતથી બ્રહ્માણી ટ્રાવેલ્સની બસ ગારીયાધાર જવા પેસેન્જર્સ ભરીને જઈ રહી હતી. પુરપાટ ઝડપે આવી રહેલી લક્ઝરી બસે ટ્રેલરને પાછળથી ટક્કર મારી હતી. જેથી ટેમ્પો રોડ પરથી નીચે પલટી ખાઈ ગયો હતો અને લક્ઝરી બસનો એક તરફનો ભાગ આખેઆખો ભાગ ચિરાઈ ગયો હતો. લક્ઝરી બસમાં સવાર માતા-પુત્રી સહિત ચાર લોકોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ૧૫ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા તમામને ૧૦૮ મારફતે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આ મામલે તપાસ હાથ ધરી હતી. અચાનક જ સર્જાયેલા અકસ્માતના પગલે મુસાફરોની ચીચીયારીઓથી નેશનલ હાઈવે ગૂંજી ઉઠ્યો હતો અને હાઈવે પર ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો.

## ખારીકટ કેનાલની સફાઇ પાછળ પાંચ કરોડનો ખર્ચ

અમદાવાદ

રાજ્ય સરકારના સુજલામ્-સુફલામ્ જળ અભિયાન-૨૦૧૮ હેઠળ મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા ગત તા.૧ મેથી તા.૩૧ મે સુધી એશિયાની સૌથી મોટી ડસ્ટબિન તરીકે ઓળખાતી ખારીકટ કેનાલની સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝ તેમજ લોકોના સહયોગથી સાફસફાઇ હાથ ધરાઇ હતી. ખારીકટ કેનાલને સ્વચ્છ કરવા મ્યુનિસિપલ તિજોરીમાંથી આશરે રૂ.પાંચ કરોડ ખર્ચાયા હોવાની વિગત જાણવા મળી છે. જો કે, આટલો માતબર ખર્ચો કર્યા પછી જળસંચય અભિયાન પૂર્ણ થઇ ગયા બાદ કેનાલની સાફસફાઇ અને સ્વચ્છતા મુદ્દે તંત્ર કડકાઇભર્યુ વલણ દાખવવામાં શિથિલ બનતાં કેટલાક તત્વો દ્વારા ફરી પાછી કેનાલને ગંદી અને પ્રદૂષિત કરવાની હીન પ્રવૃત્તિ આચરાઇ રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

શહેરના ઉત્તર ઝોનમાં રહેઠાણ વિસ્તારની ૫.૫ કિ.મી. લાંબી ખારીકટ કેનાલ હેઠળ નરોડા, રાજીવપાર્ક, પૂર્વ ઝોનમાં રહેઠાણ વિસ્તારની ૧૦.૫ કિ.મી. લાંબી ખારીકટ કેનાલ હેઠળ વિરાટનગર, નિકોલ, રાજેન્દ્રપાર્ક, ઓઢવ અને રામોલ તેમજ દક્ષિણ ઝોનમાં રહેઠાણ વિસ્તારની ૫ કિ.મી. લાંબી ખારીકટ કેનાલ અને ૫.૫૦ કિ.મી. લંબાઈની ખારીકટ બ્રાંચ કેનાલ હેઠળ અમરાઈવાડી ખાતે ગોરના કૂવા પાસેની કેનાલ, રાજેન્દ્રપાર્કથી એકસપ્રેસ હાઈવે, ગેબનશા અને વટવા સ્મશાનગૃહથી રિંગરોડ તરફના સ્થળ મળીને ૧૫ સ્થળોએ ૨૭ કિ.મી. લાંબી ખારીકટ કેનાલની વ્યાપક સફાઇ હાથ ધરાઇ હતી. તંત્ર દ્વારા ખારીકટ કેનાલની સાફસફાઇ દરમ્યાન જેસીબી, ડમ્પર, ટ્રેકટર, પાવડી-બોબકેટ અને એકસકેવેટર સહિતની મશીનરીનો કેનાલમાંથી કચરો બહાર કાઢવા અને તેનો પિરાણા સાઇટમાં ડમ્પિંગ માટે ઉપયોગ કરાયો હતો. ખારીકટ કેનાલના સફાઇ અભિયાન હેઠળ તંત્ર દ્વારા ૪૦ હજાર મેટ્રિક ટનથી વધુ કચરો ઉપાડાયો હતો. દરમ્યાન ખારીકટ કેનાલની સાફસફાઇ માટે ઉપયોગમાં લેવાયેલી મશીનરીને ભાડે લેવા પાછળ મ્યુનિ. તિજોરીમાંથી રૂ.૧.૫૭ કરોડ ખર્ચાયા હોવાની વિગત જાણવા મળી છે. આ ઉપરાંત જનજાગૃતિ માટે શેરી નાટક, રેલી, પત્રિકા, હૉર્ડિંગ્સ, પોસ્ટર, ભાડાની પ્રચાર રિક્ષા, જંતુનાશક દવાનો છંટકાવ, નવાં ડસ્ટબિન વગેરે હેલ્થ વિભાગ અને સોલિડ વેસ્ટ વિભાગને સાંકળતી વિભિન્ન બાબતોનો ખર્ચ જોતાં ખારીકટ કેનાલની હાલની સુંદરતા અમદાવાદીઓને રૂ. પાંચ કરોડમાં પડી છે. જોકે તંત્ર દ્વારા ગત તા.૧ થી ૩૧ મે સુધી જે પ્રકારે કેનાલમાં ગંદકી ઠાલવતાં એકમો, લારી-ગલ્લા, ટેન્કર કે નાગરિકો સામે કડકાઈથી કામ લેવાતું હતું પરંતુ હવે અભિયાન પૂર્ણ થયા બાદ તંત્ર કડકાઈથી કામ લેવાને બદલે શિથિલ બની જતાં ફરીથી કેટલાક તત્વો દ્વારા ફરી પાછી ખારીકટ કેનાલને ગંદી અને પ્રદૂષિત કરી રહ્યા હોવાની પણ વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામી છે, જેથી અમ્યુકો સત્તાવાળાઓએ હવે આવા તત્વો સામે આકરી કાર્યવાહી કરવી જોઈએ.

## મોનસૂન બ્રેક પર : ત્રણ સપ્તાહમાં સામાન્યથી ૯ ટકા ઓછો વરસાદ

નવી દિલ્હી

દક્ષિણ-પશ્ચિમ મોનસૂન આગાહી મુજબ આગળ ન વધતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સિઝનના પ્રતમ ત્રણ સપ્તાહમાં સરેરાશ કરતા ૯ ટકા ઓછો વરસાદ રહ્યો છે. જેથી સરકારની સાથે સાથે કૃષિ સમુદાય, કોર્પોરેટ જગત અને શેરબજારમાં પણ નિરાશા છે. સારા મોનસુનની કરવામાં આવેલી આગાહી હજુ સુધી ખોટી પુરવાર થઇ રહી છે. સારા વરસાદની આગાહી અને પૂર્ણ ગતિ સાથે કેરળથી આગળ વધ્યા બાદ મોનસુન મધ્ય ભારત સુધી આવતા આવતા એકાએક બ્રેકની સ્થિતીમાં જતા રહેતા હવે ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. ૧૩મી જુન બાદથી મોનસુન આગળ વધ્યુ નથી. અથવા તો એમ કહી શકાય છે કે મોનસુન બ્રેક પર છે. છેલ્લા આઠ વર્ષમાં પ્રથમ વખત આવુ બન્યુ છે જ્યારે મોનસુન ખુબ વધારે દિવસ સુધી કોઇ એક જગ્યાએ રોકાઇ ગયુ છે. અલબત્ત હવામાન વિભાગે કહ્યુ છે કે આ કોઇ અનોખી સ્થિતિ નથી. આવી સ્થિતી પહેલા પણ સર્જાઇચુકી છે. જુન ૨૦૧૪માં પણ મોનસુન ૧૦ દિવસ સુધી એક જગ્યાએ રોકાઇ જતા આવી જ સ્થિતી સર્જાઇ હતી. વર્ષ ૨૦૧૦માં પણ આવી સ્થિતી સર્જાઇ હતી. એ વખતે મોનસુન ૧૩ દિવસ રોકાયા બાદ અટકી ગયુ હતુ. બીજી બાજુ આંકડા પણ ચિંતા સર્જી રહ્યા છે. મોનસુનના પ્રથમ ત્રણ સપ્તાહના ગાળામાં દેશમાં દક્ષિણપશ્ચિમ મોનસુનથી વરસાદ સામાન્ય કરતા નવ ટકા ઓછો રહ્યો છે. મુંબઇ અને કર્ણાટકમાં મોનસુન પહોંચ્યા બાદ મોનસુનની સ્થિતી નબળી પડી ગઇ છે. છેલ્લા એક સપ્તાહથી ફરી એકવાર લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે. દેશમાં સામાન્ય કરતા આશરે ૩૯ ટકા વધારે વરસાદ થયો છે. મધ્ય ભારતમાં હજુ સુધી મોનસુન પહોંચે તે જરૂરી હતુ. પરંતુ હજુ સુધી મોનસુને એન્ટ્રી પણ કરી નથી. આ સમગ્ર વિસ્તારમાં ૭૦ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગે કહ્યુ છે કે રવિવારથી મોનસુનની ગતિ તીવ્ર બની શકે છે. એક અધિકારીના કહેવા મુજબ ૧૩મી જુનના દિવસ બાદ દક્ષિણ પશ્ચિમ મોનસુન અટકી ગયુ છે.

## અમેરિકાથી ભારત ૧,૦૦૦ વિમાનો ખરીદવા ઇચ્છુક

નવી દિલ્હી

અમેરિકાની સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધો ટ્રેડ વોરના કારણે દિન પ્રતિદિન ખરાબ થઇ રહ્યા છે. હવે ટ્રેડ વોરનો અંત લાવવા માટે ભારત અમેરિકાની પાસેથી ૧૦૦૦ વિમાનો ખરીદશે. ભારતે આગામી સાતથી આઠ વર્ષના ગાળામાં વિમાનો ખરીદવા માટેની યોજના બનાવી છે. આ ઉપરાંત અમેરિકા પાસેથી તેલ અને ગેસની ખરીદીમાં વધારો કરવા માટેની વાત પણ કરવામાં આવી રહી છે. ગયા સપ્તાહમાં વાણિજ્ય પ્રધાન સુરેશ પ્રભુએ અમેરિકી સમકક્ષ સાથે બેઠકમાં આ મુજબની વાત કરી હતી. હવે આવતીકાલે રવિવારના દિવસે અમેરિકાના દક્ષિણ અને મધ્ય એશિયાના વેપાર પ્રતિનિધી માર્ક લિસ્કોટ વાણિજ્ય મંત્રાલયના અધિકારીઓ સાથે વાતચીત કરનાર છે. વેપારના મોરચા પર ઉભી થયેલી સમસ્યાને લઇને વાતચીત કરશે. ભારત તરફથી અમેરિકા તરફથી આયાત થનાર ૨૯ ચીજો પર આયાત ડ્યુટીમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારબાદ પણ ભારત એ બાબત સમજાવવાના પ્રયાસમાં છે કે તેમના દ્વારા મુકવામાં આવેલા જવાબી ટેક્સ ડબલ્યુટીઓની તરફથી તેને મળેલા અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે. આ ટ્રેડ વોરની શરૂઆત અમેરિકા જ ભારત તરફથી આયાત થનાર સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેક્સ વધારીને કરી હતી.

ભારત તરફથી અમેરિકાની સામે એવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો કે તેના તરફથી ટેક્સમાં વધારો કરવાના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત તરફથી વધારી દેવામાં આવેલા ટેક્સના દરો ચોથી ઓગષ્ટથી અમલી બનનાર છે. ત્યારબાદ સુધી અમેરિકાને ભારતે એક રીતે પારસ્પરિક સહમતિ દર્શાવવાનો સમય આપ્યો છે. છટ્ઠી જુલાઇના દિવસે અમેરિકામાં વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ અને સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામન તેમના સમકક્ષો સાથે વાતચીત કરનાર છે.

## અમદાવાદમાં ડેન્ગ્યુના ૧૫૧ કેસો સપાટી ઉપર આવતા ચકચાર

અમદાવાદ

શહેરમાં મચ્છરજન્ય ડેન્ગ્યુના રોગચાળાની સ્થિતિ ચોમાસા પહેલાં જ વકરી રહી છે. સામાન્ય રીતે, મચ્છરજન્ય રોગચાળો ડેન્ગ્યુ માટે જાન્યુઆરીથી જૂન મહિનાનો સમયકાળ 'ઓફ સિઝન' ગણાય છે. પરંતુ આ સમયગાળામાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં ડેન્ગ્યુના સત્તાવાર ૧૫૧ કેસ નોંધાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૮ વોર્ડ પૈકી બહેરામપુરા વોર્ડમાં સૌથી વધુ ૨૧ કેસ નોંધાયા છે. અમ્યુકો સત્તાવાળાઓ પણ ડેન્ગ્યુના કેસોને લઇ ચિંતિત બન્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગત તા.૧ જાન્યુઆરી, ૨૦૧૮થી ગત તા.૧૩ જૂન, ૨૦૧૮ સુધીના મચ્છરજન્ય રોગચાળા ડેન્ગ્યુના વોર્ડ દીઠ અને ઝોન દીઠ સત્તાવાર અહેવાલ મુજબ આટલા સમયગાળામાં બહેરામપુરા બાદ લાંભામાં સૌથી વધુ ૧૨ કેસ છે. લાંભા બાદ જમાલપુર, દાણીલીમડા, ઈન્દ્રપુરી વોર્ડમાં આઠ કેસ અને મકતમપુરા, સ્ટેડિયમ, નારણપુરા, ગોમતીપુર, વટવા ડેન્ગ્યુગ્રસ્ત છે. ડેન્ગ્યુના સત્તાવાર કેસની ઝોનવાઇઝ વિગત તપાસતાં દક્ષિણ ઝોનમાં સૌથી વધુ ૫૨ કેસ, પશ્ચિમ ઝોનમાં ૨૮ કેસ, મધ્ય ઝોનમાં ૨૬ કેસ, નવા પશ્ચિમ ઝોનમાં ૧૮ કેસ, પૂર્વ ઝોનમાં ૧૭ કેસ અને ઉત્તર ઝોનમાં સૌથી ઓછા ૧૦ કેસ નોંધાયા છે. દરમ્યાન તંત્ર દ્વારા પ્રિ મોન્સૂન એકશન પ્લાન હેઠળ ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળા પર અંકુશ મૂકવા વ્યાપક ઉપાયો કરાયા હોવાનો દાવો કરાયો છે પરંતુ જે પ્રકારે ઓફ સિઝનમાં ડેન્ગ્યુના સત્તાવાર ૧૫૧ કેસ વિભિન્ન મ્યુનિસિપલ હોસ્પિટલમાં નોંધાયા છે તેને જોતાં ચોમાસામાં ડેન્ગ્યુ કહેર મચાવે તેવી પૂરેપૂરી શકયતા છે. જેને પગલે અમ્યુકો સત્તાધીશો દ્વારા અત્યારથી જ જરૂરી પગલા લેવાની શરૂઆત કરી દેવાઇ છે.

## રજનિકાંત સાથે કાલા ફિલ્મને લઈને હુમા ખુબ આશાવાદી છે

બોલિવુડની નવી આશાસ્પદ અભિનેત્રી હુમા કુરેશી હાલમાં સૌથી લોકપ્રિય અભિનેતા રજનિકાંત સાથે કાલા ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મ આ મહિનામાં જ ૨૭મી એપ્રિલના દિવસે રજૂ કરવામાં આવનાર છે. દક્ષિણ ભારતના સુપરસ્ટાર રજનિકાંતની ફિલ્મ હોવાથી ફિલ્મ રેકોર્ડ સફળતા મેળવશે તે બાબત તો નક્કી છે. હુમા બોલિવુડમાં પ્રવેશ કર્યા બાદથી આશાસ્પદ રહી છે. તે ભવિષ્યમાં પ્રિયંકા ચોપડા અને અનુષ્કા શર્માની જેમ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે કુદી જવા ઈચ્છુક છે. તે કહે છે કે તેની ઈચ્છા પહેલાથી જ રહેલી છે. હોલિવુડની સુપરસ્ટાર અભિનેત્રી એન્જેલિનાની જેમ જ લાઈફમાં આગળ વધવા માંગે છે. હુમા કુરેશી હાલમાં અક્ષય કુમાર સાથે જોલી એલએલબી-૨ ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ સાબિત થઈ હતી. મોટા સ્ટાર સાથે ફિલ્મ મળી ગયા બાદ તેની કેરિયરમાં તેજી આવી છે. આ ઉપરાંત તે સાઉથમાં પણ એન્ટ્રી કરી ચુકી છે. તેની વ્હાઈટ ફિલ્મને પણ સારી સફળતા મળી હતી. જેમાં તેની સાથે મમુટીની ભૂમિકા હતી. તે એન્જેલિનાની જેમ જ મોટી વયે પહોંચી ગયા બાદ ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી પડશે અને ફિલ્મોમાં ભૂમિકા કરવાના બદલે નિર્માણમાં વધારે ધ્યાન આપશે. ગર્લ, ઈન્ટરપ્ટેડ તેમજ લારા ક્રોફ્ટ જેવી યાદગાર ફિલ્મો બનાવી ચુકેલી એન્જેલીનાથી હુમા કુરેશી ખુબ પ્રભાવિત રહી છે.

૩૯ વર્ષીય એન્જેલિના જોલી વર્ષ ૨૦૧૧માં ફિલ્મ નિર્દેશનના ક્ષેત્રમાં ઉતરી ગઈ હતી અને વર્ષ ૨૦૧૧માં જોલીએ લેન્ડ ઓફ બ્લડ એન્ડ હની જેવી યાદગાર ફિલ્મ બનાવી હતી. કુરેશી તેનાતી ખુબ પ્રભાવિત રહી છે. તેનુ કહેવુ છે કે હાલમાં તે ફિલ્મોમાં પોતાની ભૂમિકા પર ધ્યાન આપી રહી છે. તમામ લોકો જાણે છે કે હુમાના ભાઈ સાકીબે પણ સારી સફળતા હાંસલ કરી લીધી છે.

## સારા પ્રથમ ફિલ્મ રજૂ થયા બાદ બીજી ફિલ્મો સ્વીકારશે

બોલિવુડમાં વધુ એક સ્ટાર કલાકારની એન્ટ્રી થઈ રહી છે. સેફ અલી ખાનની પુત્રી સારા અલી ખાન બોલિવુડમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. સારા અલી ખાન તેની પ્રથમ ફિલ્મ કેદારનાથ રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી બીજી ફિલ્મો સ્વીકારનાર નથી. તેની પાસે ફિલ્મોની ઓફર આવી રહી છે. તેની પાસે રોહિત શેટ્ટીની ફિલ્મ સિમ્બાની ઓફર પણ આવી હોવાના હેવાલ મળ્યા છે. સારા અલી ખાન અભિષેક કપુરની નવી ફિલ્મ કેદારનાથના શુટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મને લઈને બોલિવુડના તમામ લોકો રાહ જોઈ રહ્યા છે. સારા પાસેથી જોરદાર એન્ટ્રીની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ ફિલ્મમાં તેની સાથે સુશાંત સિંહ રાજપુત કામ કરી રહ્યો છે. હાલમાં સારા અલી ખાન મુંબઈના એક લોકપ્રિય સલુનમાંથી બહાર નિકળતા કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સારાએ પોતાના ચહેરાને ઢાકવાના તમામ પ્રયાસ કર્યા હતા. તેની આ ઝલકને જોઈને ચર્ચા છે કે સારા પોતાની ડેબ્યુ ફિલ્મમાં લુકને છુપાવવાના તમામ પ્રયાસ કરી રહી છે. પોતાની પ્રથમ ફિલ્મ અંગે તમામ પ્રકારની માહિતી હાલમા જાહેર કરવામાં આવી રહી નથી. સુશાંત બોલિવુડમાં ગળા કાપ સ્પર્ધા હોવા છતાં પોતાની લોકપ્રિયતાને ટકાવી રાખવામાં સફળ રહ્યો છે. તે કેટલીક સારી ફિલ્મો કરી ચુક્યો છે. જેમાં ભારતીય ક્રિકે સ્ટાર મહેન્દ્ર સિંહ ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મ તમામ ચાહકોને ગમી ગઈ હતી. બોલિવુડના તમામ સુપરસ્ટારના બાળકો એન્ટ્રી કરી રહ્યા છે. અનિલ કપુરનો પુત્ર હર્ષવર્ધન, જેકી શ્રોફનો પુત્ર ટાઈગર, સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા પહેલાથી જ એન્ટ્રી કરી ચુકી છે.શ્રીદેવીની પુત્રી પણ એન્ટ્રી કરવા જઈ રહી છે.

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૩૯૭૦૦-૪૦૨૦૦** |
| રૂપુ કાચું | ૩૯૭૦૦-૪૦૨૦૦ |
| સોનુ તોલો | ૩૦૨૦૦-૩૧૬૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૨૧૦** |
| પામોલીન | ૧૨૦૦ |
| સોયા રીફાઈન | ૧૪૪૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૨૦-૧૨૪૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૪૭૦-૧૫૦૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૩૮૦ |
| **સીગતેલ ૫ લી.** | **૪૫૦-૪૬૨** |
| તિરૂપતી કપા. | ૧૩૫૦ |
| ૫ લીટર | ૪૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૪૦-૧૨૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૫૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૪૬૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૧૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૩૦૦ |
| ૫ લી. | ૪૦૫ |
| ૨ લી. | ૧૬૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૪૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૪૫૦-૩૫૦૦** |
| **ખાંડ એમ.** | **૩૫૦૦** |
| ખાંડએલ. | ૩૬૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૪૦૦ |
| જીરાળુ | ૧૫૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૧૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૦૦ |
| મેંદો | ૭૮૦ |
| શ્રીફળ એમ. | ૧૪૨૫ |
| નિરમા સાબ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૨૦૦ |
| ખાંડ બુરૂ | ૩૫૦૦ |
| કોકમ ફુલ | ૧૫૦ |
| એલચી | ૯૦૦-૧૦૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૦૦-૩૦૦ |
| સુકી ડુંગળી | ૧૮૦-૨૮૦ |
| લસણ | ૫૦૦-૬૦૦ |
| ધાણા | ૫૦૦-૧૦૦૦ |
| મરચાં | ૫૦૦-૬૦૦ |
| લીંબુ | ૬૦૦-૭૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૮૫-૯૦ |
| રીંગણ | ૩૦૦-૪૦૦ |
| ટામેટા | ૬૦૦-૭૦૦ |
| **ભીંડા** | **૪૦૦-૫૦૦** |
| કોબી | ૧૪૦-૧૬૦ |
| વટાણા | ૧૦૦૦-૧૪૦૦ |
| ટીંડસા | ૮૦૦-૧૦૦૦ |
| ગવાર | ૬૦૦-૧૦૦૦ |
| બાદશાહ બટાકા | ૪૪૦ |
| **સાંગા બટાકા** | **૨૪૦-૨૬૦** |
| **દે.ગવાર** | **૧૨૦૦-૧૩૦૦** |
| **ચોળી** | **૧૫૦૦-૧૬૦૦** |

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. .................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ..............................................